વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૧૩

TUESDAY
08 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 216 CMD : Sanjay Shah

### નાદારીની કાર્યવાહી માટે NCLATએ જણાવ્યું - IBCની કલમ ૧૪ હેઠળ રિઝોલ્યુશન માટે સંપત્તિઓ પર મોરેટોરિયમ લાગુ કરવામાં આવે છે

# EDએ જપ્ત કરેલી સંપત્તિને મુક્ત કરી શકાય નહીં : NCLAT

### મિલકત ગુનાની આવક હોવાનો આરોપ હોય અને કાયદા હેઠળ સક્ષમ અધિકારીના ન્યાયક્ષેત્ર હેઠળ હોય તો આવી મિલકતને મુક્તપણે ઉપલબ્ધ રિઝોલ્યુશન સંપત્તિનો ભાગ ગણી શકાય નહીં

નવી દિલ્હી, તા.૭

નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)ના એપેલેટ ટ્રિબ્યુનલે એક મહત્ત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું હતું કે ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની ઉપરવટ નથી. ઈડી દ્વારા જપ્ત કરાયેલી કંપનીની સંપત્તિને નાદારીની પ્રક્રિયા માટે મુક્ત કરી શકાય નહીં. NCLATએ જણાવ્યું હતું કે IBCની કલમ ૧૪ હેઠળ રિઝોલ્યુશન માટે સંપત્તિઓ પર મોરેટોરિયમ લાગુ કરવામાં આવે છે, પરંતુ જો મિલકત ગુનાની આવક હોવાનો આરોપ હોય અને કાયદા હેઠળ સક્ષમ અધિકારીના ન્યાયક્ષેત્ર હેઠળ હોય તો આવી મિલકતને મુક્તપણે ઉપલબ્ધ રિઝોલ્યુશન સંપત્તિનો ભાગ ગણી શકાય નહીં. એપેલેટ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે જો પીએમએલએ હેઠળ ઈડીએ સંપત્તિ જપ્ત કરી હોય અને કોર્ટે તેને માન્ય રાખી હોય તો તેને આઈબીસી હેઠળ પૂર્વવત કરી શકાતી નથી.




IBCની કલમ ૨૩૮ અન્ય કાયદાઓથી ઉપરવટ છે, પરંતુ તે ગુનાની આવકને લગતી કાર્યવાહીના સંદર્ભમાં પીએમએલએને ઓવરરાઈડ કરી શકતી નથી. ED લેણદાર તરીકે નહીં, પરંતુ કાયદા અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરે છે. જપ્ત કરાયેલી સંપત્તિઓ લેણદારોની માગણી સંતોષવા માટે નથી, પરંતુ તે FATF અને UN સંમેલનો હેઠળ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને જાળવી રાખવા માટે છે. ટ્રિબ્યુનલે NCLATના આદેશને માન્ય રાખ્યો હતો. દુનાર ફૂડ્સના રિઝોલ્યુશન પ્રોફેશનલે NCLATના આદેશ સામે કરેલી અપીલની સુનાવણી કરતાં એપેલેટ ટ્રિબ્યુનલે આ આદેશ આપ્યો હતો. NCLATએ આ દેવાગ્રસ્ત કંપનીની કામચલાઉ રીતે જપ્ત કરેલી સંપત્તિઓ મુક્ત કરવા માટે EDને આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. ૨૨ ડિસેમ્બર ૨૦૨૩એ NCLATની મુંબઈ બેન્ચે દુનાર ફૂડ સામે નાદારીની કાર્યવાહી ચાલુ કરવાનો આદેશ આપ્યો હતો. આ કંપની બાસમતી રાઈસના પ્રોસેસિંગ અને નિકાસનો બિઝનેસ કરે છે. કંપનીએ રૂ.૭૫૮.૭૩ કરોડની લોનનું રિપેમેન્ટ ન કરતાં એસબીઆઈની આગેવાની હેઠળની બેન્કોના કોન્સોર્ટિયમે નાદારીની પ્રક્રિયા માટે અરજી કરી હતી. આ દરમિયાન ઈડીએ દુનાર ફૂડ્સની સહયોગી કંપની પીડી ડી એગ્રોપ્રોસેસર્સ સામે તપાસ ચાલુ કરી હતી. આ પછી ઈડીએ દુનાર ફૂડ્સની ૧૭૭.૩૩ કરોડની અનેક સ્થાવર અને જંગમ સંપત્તિઓ જપ્ત કરી હતી, જેના કારણે કંપનીના રિઝોલ્યુશન પ્રોફેશનલ (RP)એ NCLATમાં કામચલાઉ રીતે જપ્ત કરાયેલી મિલકતોને તાત્કાલિક ડી-એટેચ કરવાની માંગ કરી હતી.

### ધર્મેન્દ્ર પ્રધાન, મનોહર લાલ ખટ્ટર અને ઓબીસી નેતા તરીકે ભૂપેન્દ્ર યાદવ પણ રેસમાં

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષપદની રેસમાં પાંચ મંત્રીઓ : શિવરાજ સિંહ મજબૂત દાવેદાર

### પીએમ મોદીની સરકારમાં સામેલ કોઈ ચહેરાને સંગઠનમાં લાવવામાં આવી શકે

નવી દિલ્હી, તા.૭

દેશ જ નહીં પણ દુનિયાની સૌથી મોટી પાર્ટી ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે અટકળો તેજ થઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દેશમાં પાછા ફર્યા પછી આ જાહેરાત થઈ શકે છે. ત્રણ કેન્દ્રીય મંત્રીઓ શિવરાજ ચૌહાણ, ધર્મેન્દ્ર પ્રધાન અને મનોહર લાલ ખટ્ટરના નામ પણ રેસમાં છે. ઓબીસી નેતા તરીકે ભૂપેન્દ્ર યાદવનું નામ પણ રેસમાં હોવાનું કહેવાય છે. ભાજપના કેટલાક મહિલા નેતાઓના નામ પણ આ રેસમાં સામે આવ્યા છે, જેમાં નિર્મલા સીતારમણ અને પુરંદેશ્વરીનો સમાવેશ થાય છે. આ રીતે પાંચ કેન્દ્રીય મંત્રીઓ રેસમાં હોવાનું કહેવાય છે.

ભાજપ સંગઠનના બંધારણ મુજબ, તેમણે પૂરતી સંખ્યામાં પ્રદેશ પ્રમુખોની પસંદગી કરી છે, જે રાષ્ટ્રીય અધ્યક્ષની



પસંદગી માટે જરૂરી છે. એવું માનવામાં આવે છે કે સંભવિત દાવેદારોને લઈને સંગઠનમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. ભાજપ પ્રમુખ જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં જ પૂર્ણ થયો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો.

બિહાર ચૂંટણી ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૫ અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં યોજાઈ શકે છે. બિહારમાં, ભાજપ-જેડીયુ સરકાર બચાવવાના પડકારનો સામનો કરી રહ્યું છે, જ્યારે બંગાળમાં, ભાજપ તૃણમૂલ કોંગ્રેસ સરકારને ઉથલાવી પાડવા માટે લાંબા સમયથી આક્રમક હિન્દુત્વવાદી વલણ અપનાવી રહ્યું છે. ભાજપે ૨૫ થી વધુ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. ભાજપના મહાસચિવ સુનીલ બંસલ અને વિનોદ તાવડેના નામ પણ લેવામાં આવી રહ્યા છે.

મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે મજબૂત દાવેદારોમાં સામેલ છે. ઓબીસી શ્રેણીના હોવાને કારણે શિવરાજને ભાજપ તેમજ સંઘમાં પણ ઘણી હદ સુધી સ્વીકારવામાં આવે છે. લાંબા સમયથી આરએસએસ સાથે જોડાયેલા કેન્દ્રીય મંત્રી મનોહર લાલ શાંત અને પડદા પાછળના નેતાઓમાંના એક રહ્યા છે. તેઓ પીએમ મોદીના ખૂબ નજીકના પણ છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સંગઠનના જૂના અનુભવી છે. બિહાર-એમપીથી ગુજરાત સુધીના ચૂંટણી પ્રભારી તરીકે તેમણે પોતાની સંગઠનાત્મક કુશળતા ખૂબ સારી રીતે દર્શાવી છે.

ઓડિશાના ધર્મેન્દ્ર પ્રધાન એવા નેતાઓમાંના એક છે જે શાંત અને ગંભીર છબી સાથે સરકાર અને સંગઠનના એજન્ડાને સક્રિય રીતે આગળ ધપાવે છે. સુનીલ બંસલ સંગઠનમાં પડદા પાછળ કામ કરતા નેતાઓમાંના એક છે. રાષ્ટ્રીય મહાસચિવ તરીકે, તેમને સંગઠનના કુશળ રણનીતિકાર માનવામાં આવે છે. તેમણે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓમાં પોતાની સંગઠનાત્મક કુશળતા સાબિત કરી છે. મહારાષ્ટ્રથી આવતા વિનોદ તાવડે ઘણા રાજ્યોના ચૂંટણી પ્રભારી પણ રહી ચૂક્યા છે.

### માર્ગ પરિવહન મંત્રાલયે કેબ એગ્રિગેટર્સ માટે મહત્ત્વની ગાઈડલાઈન્સ જાહેર કરી

# OLA-UBER જેવી કેબ સર્વિસમાં હવે ૮ વર્ષથી જૂનું વાહન નહીં ચલાવી શકાય

### રેપિડો સહિતના કેબ એગ્રિગેટરે આઠથી વધુ વર્ષ જૂના વાહનોના રજિસ્ટ્રેશન રદ કરવા પડશે

નવી દિલ્હી, તા.૭

માર્ગ પરિવહન મંત્રાલયે કેબ એગ્રિગેટર્સ માટે મહત્ત્વની મોટર વ્હિકલ એગ્રિગેટર (MVAG ૨૦૨૫) ગાઈડલાઈન્સ ૨૦૨૫ વિગતવાર જાહેર કરી છે. જેમાં ઓલા, ઉબેર, રેપિડો સહિતના કેબ એગ્રિગેટર પર હવેથી આઠ વર્ષથી જૂના વાહનોના ઉપયોગ પ્રતિબંધ લાદ્યો છે. નવી ગાઈડલાઈન મુજબ, કેબ એગ્રિગેટર્સ પોતાના સંચાલનમાં આઠ કે તેથી વધુ વર્ષ જૂના વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં. આઠ કે તેથી વધુ વર્ષ જૂના રજિસ્ટર્ડ વાહનોનું રજિસ્ટ્રેશન રદ કરવુ પડશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, તમામ એગ્રિગેટરે વાહનની રજિસ્ટ્રેશન તારીખથી આઠથી વધુ વર્ષ જૂના વાહનોના રજિસ્ટ્રેશન રદ કરવા પડશે. તેમજ આગળ પણ આ પ્રકારના વાહનોની નોંધણી ન થાય તેનું ધ્યાન રાખવુ પડશે. વધુમાં મોટર વ્હિકલની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ અને મોટર વ્હિકલ પરમિટનો પુરાવો પણ દેખાય તે રીતે લગાવવો ફરિજયાત છે. ગાઈડલાઈન્સમાં આગળ જણાવ્યું હતું કે, કેબની અંદર ડ્રાઈવરનું લાઈસન્સ તેમજ મોટર વ્હિકલ પરમિટનો પુરાવો બતાવવો ફરિજયાત છે. જો કે, મોટરસાયકલમાં આ નિયમ ફરિજયાત નથી. ડ્રાઈવરની બાજુમાં આવેલી ફ્રન્ટ સીટની પાછળ આ પુરાવા સ્પષ્ટપણે વંચાય તે સ્થિતિમાં લગાવવાના રહેશે. MVAG ૨૦૨૫ની ગાઈડલાઈન્સ અનુસાર, એગ્રિગેટરની એપ પર ફાળવવામાં આવેલા ડ્રાઈવરનો ફોટો હાઈ રિઝોલ્યુશન સાથે સ્પષ્ટ દેખાય તે રીતે દર્શાવવો પડશે. તેમજ ડ્રાઈવરનું સમયાંતરે સાયકોલોજિકલ એનાલિસિસ પણ કરવુ પડશે. કેબ પ્રોવાઈડર્સે ડ્રાઈવરની માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યની આકરણી કરવાની જરૂર પડશે. આ ચકાસણી કરવા પાછળનો ઉદ્દેશ માનસિક, અને ભાવનાત્મક સ્થિતિને જાળવવા તેમજ ડ્રાઈવિંગ દરમિયાન થતો તણાવ સહન કરવા અને પેસેન્જર સાથે વાતચીત કરવા ડ્રાઈવર સક્ષમ છે કે નહીં તે જાણવાનો છે. કેબ એગ્રિગેટર્સ હવે પીક ટ્રાફિક અવર્સમાં નિર્ધારિત મૂળ ભાડા કરતાં વધુ ભાડું લઈ શકશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા ૧ જુલાઈના રોજ નવી મોટર વ્હિકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ ૨૦૨૫ લાગુ કરી છે.

### રાષ્ટ્રપતિ ઝરદારીને ઉથલાવી શકે તેવી અટકળો

# પાક.માં સત્તાપલટા સાથે સૈન્ય શાસનના આગમનના એંધાણ

### મુનિરની તાકાત વધી PM પર પણ લટકતી તલવાર

ઈસ્લામાબાદ, તા.૭

પાકિસ્તાનમાં ભારે મોટો રાજકીય ચક્રવાત ઘૂમરાઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક મીડિયાના અહેવાલો દર્શાવે છે કે, પાકિસ્તાનમાં રાજમહેલનો વિપ્લવ ઘૂમરાઈ રહ્યો છે. પ્રમુખ આસીફ અલિ ઝરદારીની વિદાય નિશ્ચિત લાગે છે. પાકિસ્તાનમાં એક પછી એક સત્તા સૂત્રો હાથમાં લઈ રહેલા જનરલ મુનીર ત્યાં સર્વસત્તાધિશ બની રહેવા સંભવ છે, તે માટે સૌથી પહેલા તેઓ આસીફ એલી ઝરદારી પ્રમુખ પદ મેળવી લેશે. તેવી પૂરી સંભાવના દેખાઈ રહી છે. વરિષ્ટ પત્રકાર સૈયદે જણાવ્યું હતું કે, ઝરદારીને દૂર કરવા મુનીર દોરીસંચાર કરી રહ્યા છે. હવે જોવાનું તે રહે છે કે ઝરદારી સ્વયમેવ ત્યાગ પત્ર આપશે કે પછી તેમને ત્યાગ પત્ર આપવાની ફરજ પડાશે? કહેવાય છે કે આ બધું જનરલ મુનીરના જુલાઈ-પ્લાન પ્રમાણે ચાલી રહ્યું છે. નિરીક્ષકો બહુ સીધી અને સાદી વાત કહે છે કે, બિલાવલ ભુટ્ટો ઝરદારી-મુનીરની આ ગુપ્ત ચાલોથી અજ્ઞાત હોઈ જ શકે નહીં. તેઓએ થોડા દિવસો પહેલા જ એક આંતરરાષ્ટ્રીય મીડીયાને આપેલા ઈન્ટરવ્યુમાં જનરલ મુનીરની ઉગ્ર ટીકા કરી હતી. આ સાથે તેમણે તેમ પણ કહ્યું હતું કે, 'હાફીઝ સૈયદ અને મસૂદ અઝહરને ભારતને સોંપવા સામે કોઈ વાંધો હોવો ન જોઈએ.' બિલાવલ ભુટ્ટો ઝરદારીના આ નિવેદને પાકિસ્તાનમાં રાજકીય બળવો સર્જી દીધો છે.

### રાણાની પાક. વિશે સીધી કબૂલાત

# તહવ્વુર પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો

### મુંબઈમાં આતંકવાદી હુમલામાં સામેલ હતો

નવી દિલ્હી, તા.૭

૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાએ પાકિસ્તાન વિશે મોટો ખુલાસો કર્યો છે. તહવ્વુરે કહ્યું છે કે તે પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો. તેણે એ પણ કબૂલાત કરી છે કે તે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાના કાવતરામાં સામેલ હતો. તહવ્વુર હાલમાં NIAની કસ્ટડીમાં છે અને દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ તેની પૂછપરછ કરી રહી છે. તાજેતરની માહિતી અનુસાર, મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ દરમિયાન, તહવ્વુરે ૨૦૦૮ના મુંબઈ હુમલા, પાકિસ્તાન અને ISI વિશે ઘણા મોટા ખુલાસા કર્યા છે.

તહવ્વુરે દાવો કર્યો હતો કે તે પાકિસ્તાની સેનાનો સૌથી વિશ્વાસુ એજન્ટ હતો અને ગલ્ફ વોર દરમિયાન સાઉદી અરેબિયામાં પોસ્ટેડ હતો. તહવ્વુરે એમ પણ કહ્યું કે તેણે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા તાલીમ કેન્દ્રની ઘણી વખત મુલાકાત લીધી હતી. તેણે અહીં તાલીમ લીધી હતી. પૂછપરછ દરમિયાન, તહવ્વુરે જણાવ્યું કે મુંબઈમાં આતંકવાદી હુમલો સંપૂર્ણ યોજના સાથે કરવામાં આવ્યો હતો. હુમલા પહેલા તે ઘણી જગ્યાએ ફર્યો હતો. તેમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસનો પણ સમાવેશ થાય છે.

### ટ્રાન્સફર-પોસ્ટિંગનું દબાણ ના કરશો

# મંત્રી-સાંસદ અને ધારાસભ્યોને ચાલુ મિટિંગમાં IASની વૉર્નિંગ

### અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ સરકારી આદેશની વિરુદ્ધ છે

દેવરિયા, તા.૭

ઉત્તર પ્રદેશના દેવરિયાના કલેક્ટર દિવ્યા મિત્તલ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. આ દરમિયાન તેમનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે એક મીટિંગ દરમિયાન જનપ્રતિનિધિઓને વોર્નિંગ આપતા જોવા મળે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ જનપ્રતિનિધિ કોઈપણ અધિકારી પર ટ્રાન્સફર માટે દબાણ કરી શકે નહીં. કારણ કે આ સરકારી આદેશની વિરુદ્ધ છે. આ મીટિંગમાં મંત્રી-સાંસદ અને ધારાસભ્ય સહિત જિલ્લાના



તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા.


આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે બરહજના ધારાસભ્ય દીપક મિશ્રાએ બેઝિક શિક્ષા અધિકારી શાલિની શ્રીવાસ્તવને એક શિક્ષકનો લાંબા સમયથી પડતર પગાર અને એક કોન્ટ્રાક્ટ કર્મચારીની બદલી રોકવા કહ્યું હતું.

બીએસએ દ્વારા આ માંગણીને અવગણતા ગુસ્સે ભરાયેલા ધારાસભ્યએ જર્જરિત રસ્તાઓના મુદ્દા પર પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ અને અન્ય અધિકારીઓને ચેતવણી આપી અને બેઠકમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એક જન પ્રતિનિધિએ કહ્યું કે, અધિકારીઓએ જન પ્રતિનિધિઓ શું કહે છે તેના પર થોડું ધ્યાન આપવું પડશે.

### ડેંગ્યૂ માટે ભારતની પહેલી સ્વદેશી રસી ટૂંક સમયમા તૈયાર થઈ શકે છે

નવી દિલ્હી, તા.૭

મચ્છરોના કારણે ફેલાતા ડેંગ્યુ સામે રક્ષણ આપતી દેશની પહેલી સ્વદેશી રસી તૈયાર કરવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ એટલે કે ICMR અને એક ભારતીય કંપની દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી આ રસીના ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહ્યા છે.વરસાદની ઋતુમાં ડેંગ્યુ દર વર્ષે હજારો લોકોની બીમારી અને સેંકડો લોકોના મૃત્યુનું કારણ બને છે. તેની સામે લડવા માટે દેશની પ્રથમ સ્વદેશી રસી તૈયાર કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને એક ભારતીય કંપની દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી આ રસીના ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ રસી આગામી બે વર્ષમાં તૈયાર થઈ શકે છે.





# ઝડપથી ફેલાતાં ફંગલ રોગોને અટકાવી શકાય ખરા?

યુટિલિટી
લીના

જ્યારે આપણે આબોહવા પરિવર્તન વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે ઘણીવાર જંગલની આગ, વધતી ગરમી અને પાકને નુકસાન જેવા વિષયો વિશે વાત કરીએ છીએ. પરંતુ આબોહવા પરિવર્તનની ચર્ચા ભાગ્યે જ થાય છે. આબોહવા પરિવર્તન વિશ્વના ઘણા ભાગોમાં તાપમાનમાં વધારો કરી રહ્યું છે અને ઘણા ફંગલ રોગો અથવા ફૂગથી થતા રોગો ફેલાવવાનું કારણ બની રહ્યું છે. ખાસ કરીને વિશ્વના તે ઠંડા વિસ્તારોમાં જ્યાં પહેલા ઠંડીને કારણે ફૂગ ટકી શકતી ન હતી. પરંતુ હવે ત્યાં તાપમાનમાં વધારાને કારણે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

માન્ચેસ્ટર યુનિવર્સિટીના સંશોધન મુજબ, સામાન્ય રીતે ગરમ દેશોમાં જોવા મળતી અને લાખો લોકોને ચેપ લગાડતી જીવલેણ ફૂગ ટૂંક સમયમાં યુરોપમાં ફેલાઈ શકે છે. એસ્પરગિલોસિસ એ ફેફસાનો એક જીવલેણ રોગ છે જે દર વર્ષે વિશ્વભરમાં આશરે ૧.૮ મિલિયન મૃત્યુનું કારણ બને છે. એવો અંદાજ છે કે આ રોગ આફ્રિકા અને દક્ષિણ અમેરિકાથી ઉત્તર તરફ ફેલાઈ શકે છે. લોકપ્રિય ટીવી નાટક 'ધ લાસ્ટ ઓફ અસ' માં એક ફંગલ રોગ દર્શાવવામાં આવ્યો છે જે મગજને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડે છે અને લોકોને બેભાન બનાવી દે છે.

આમાં આબોહવા પરિવર્તનની ભૂમિકાની ચર્ચા કરતા પહેલા, ચાલો બીજા કારણ વિશે વાત કરીએ. તબીબી વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ સાથે, આપણું આયુષ્ય વધ્યું છે. પરંતુ શું આ જ કારણ છે કે આપણે સરળતાથી આ રોગોનો શિકાર બની શકીએ છીએ? ગરમ દેશોમાં ફંગલ ચેપ વધુ જોવા મળે છે જ્યાં ઉંફ એઈડ્સના દર્દીઓની સંખ્યા વધુ હોય છે કારણ કે એચઆઈવી એઈડ્સ શરીરની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડે છે, જેના કારણે ફંગલ ચેપ સરળતાથી ફેલાય છે. પરંતુ પૃથ્વીના વધતા તાપમાનને કારણે, ઉત્તરીય દેશોમાં ગરમી વધવા લાગી છે અને તેની સાથે ત્યાં ફંગલ ચેપનું જોખમ પણ વધવા લાગ્યું છે.

આબોહવા પરિવર્તન એક મોટો મુદ્દો છે અને આપણે એ જોવું પડશે કે ફૂગના વિકાસ માટે કયા પ્રકારનું તાપમાન વધુ યોગ્ય છે. આના આધારે, ભવિષ્યમાં વિશ્વના કયા વિસ્તારોમાં ફૂગ ફેલાશે તે શોધી શકાય છે. પૃથ્વીના વધતા તાપમાનને કારણે, કેટલીક જગ્યાએ રણ બનશે અને અન્ય જગ્યાએ વધુ વરસાદ પડશે. આ બંને ફૂગને ખીલવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, અમેરિકાના દક્ષિણપશ્ચિમ રણ પ્રદેશમાં કુસીડિયોડિસ ઈમિટસ નામના ફૂગથી થતો રોગ દેખાવા લાગ્યો છે. આનો અર્થ એ થયો કે ફૂગ હવામાનને અનુરૂપ બનવા લાગી છે અને આ સમગ્ર વિશ્વમાં થઈ શકે છે. આ તો બાહ્ય તાપમાનમાં ફેરફાર વિશે હતું, પરંતુ આપણા શરીરનું તાપમાન પહેલા કરતાં ઠંડુ થવા લાગ્યું છે. પહેલા આપણું શરીર એટલું ગરમ હતું કે શરીરમાં ફૂગનો વિકાસ થવો મુશ્કેલ હતો. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં, આપણા શરીરનું તાપમાન ઘટ્યું છે.

હવે આધુનિક દવાઓની મદદથી, આવા ઘણા રોગોને નિયંત્રિત કરવામાં આવ્યા છે, જેના કારણે શરીરનું તાપમાન પણ નીચે આવ્યું છે પરંતુ ફંગલ રોગોનો ફેલાવો સરળ બન્યો છે. ફૂગના રોગોની સારવાર માટે વપરાતી દવાના પ્રકારને અઝોલીયા કહેવામાં આવે છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે પાકને ફૂગથી બચાવવા માટે પણ થાય છે. સમસ્યા એ છે કે તેનો ઉપયોગ એટલો વધી ગયો છે કે ફૂગ તેનાથી પોતાને બચાવવા માટે અનુકૂલન સાધી રહી છે.



સ્વાદાલય
હિના શાહ

# જુવારનો પુલાવ

### સામગ્રી :

- જુવાર ૧ કપ
- તેલ ૨ ચમચા
- જીરુ ૧.૨ ચમચી
- રાઈ ૧.૨ ચમચી
- હિંગ ૧.૪ ચમચી
- મીઠો લીમડો ૭ થી ૮ નંગ
- તમાલપત્ર ૧ નંગ
- તજ ૧ નાનો ટુકડો
- લવિંગ ૩ થી ૪ નંગ
- મરી ૫ થી ૬ નંગ
- આખા લાલ મરચાં ૨ નંગ
- આદુ-મરચાં-લસણની પેસ્ટ ૧.૧/૨ ચમચી
- ડુંગળી ૧ નંગ
- ગાજર ૧ નંગ
- કેપ્સીકમ ૧ નંગ
- લીલા વટાણા ૧/૨ કપ
- હળદર ૧/૨ ચમચી
- મીઠું સ્વાદ મુજબ
- ધાણાજીરુ ૧ ચમચી
- ચાટ મસાલો ૧/૨ ચમચી
- લીંબુનો રસ ૧ ચમચી
- કોથમીર જરૂર મુજબ

સૌથી પહેલાં જુવારને ૩ થી ૪ વાર પાણીથી ધોઈ ૭ થી ૮ કલાક માટે પાણીમાં પલાળી રાખવી, પછી કુકરમાં બાફી લેવી. બાફતી વખતે તેમાં મીઠું ઉમેરી દેવું.

લીલા વટાણાને બાફી લેવા અને વેજિટેબલને સમારીને રાખવા.

હવે એક પેનમાં તેલ લઈ ગરમ કરવા મૂકવું. તેલ ગરમ થાય એટલે તેમાં જીરુ, રાઈ ઉમેરી રાઈ તતડે એટલે તેમાં તજ, લવિંગ, મરી, મીઠો લીમડો, તમાલપત્ર અને આખા લાલ મરચાં ઉમેરી દેવાં. હવે તેમાં આદુ-મરચાં-લસણની પેસ્ટ ઉમેરી સાંતળવી. પેસ્ટ સંતળાય એટલે તેમાં ડુંગળીને ઉમેરી સાંતળી લેવી, પછી તેમાં ગાજર કેપ્સીકમ લીલા વટાણા ઉમેરીને સાંતળવા. મસાલા કરવા તેમાં હળદર ગરમ મસાલો, ધાણાજીરુ પાઉડર, સ્વાદ મુજબ મીઠું ઉમેરી મિક્સ કરવું, પછી તેમાં બાફેલી જુવારી ઉમેરી દેવી અને ફરીથી બધું મિક્સ કરી લેવું અને એકથી બે મિનિટ સુધી હલાવતાં રહેવું. છેલ્લે તેમાં લીંબુનો રસ ઉમેરી ગેસ બંધ કરી દેવો અને કોથમીર ભભરાવી ગરમ ગરમ સર્વ કરવું.

આ જુવાર પુલાવમાં કાજુ કિસમિસ પણ ઉમેરવા હોય તો લઈ શકો છો. આ પુલાવમાં લીલાં મરચાંની તીખાશ છે, તેથી લીલાં મરચાં તમારા ટેસ્ટ પ્રમાણે લઈ શકો છો.



## જે શ્વાસમાં ઓતપ્રોત હોય તેને કઈ રીતે ભૂલી શકાય!

# સ્થળ બદલવાથી લાગણીઓ નથી બદલાતી, કાવ્યા!

સ્પંદન
ભૂમિ જોષી

વીજળીના ચમકારામાં તારી છબી ઝળહળી
સમયની ઝંઝીર તોડી આજે ખુદને મળી!

ધોધમાર વરસતા વરસાદમાં વાદળોનો ગડગડાટ અને તેમાં ચાંદની પૂરતી ગગનરેખાઓ વર્ષોથી કાવ્યાના દિલના ખૂણે કેદ કરેલી લાગણીને વહેતી મૂકવા મજબૂર કરી રહી! પોતાના શરીર પર પડતા વર્ષા બિંદુઓ તન કરતા મનને વધુ ભીંજવી રહ્યા હતા.

એક બે વાર તેણે ખુદને રોકવાની કોશિશ કરી પણ આજે તો તેનું હૃદય વીતેલી યાદો સાથે ભીંજાવા બેકરાર થયું હોય તેમ નુપૂરના નાદને વરસાદ સાથે તાલ મિલાવતી તે ઘરના આગળના ખુલ્લા આંગણમાં દોડી.

તેનું અંગેઅંગ આજે આ મોસમને ખુદમાં સમાવવા બેતાબ હોય તેમ તેના રેશમી વાળ અંબોડેથી છૂટી હવા સાથે ગુફતગુ કરી પાણીની બુંદોમાં તરબોળ થવા લાગ્યા. પોતાના બંને હાથને ખુલ્લા કરી તે વર્ષારાણી સાથે નાચવા લાગી. કમર પર ખોસેલો છેડો તેના આકર્ષક સુવાળા શરીર પરથી છૂટી લહેરાવા લાગ્યો. જાણે સ્વર્ગની કોઈ અપ્સરા મેઘરાજા સાથે જુગલબંધી કરતી હોય તેમ તે દુનિયાથી બેખબર પોતાની મસ્તીમાં જ હતી. ત્યાં જ તેના ઘરની સામે એક બુલેટ આવીને ઊભું રહ્યું. પોતાની નજરો સામે કાવ્યાને આમ નાચતી જોઈ તેનું હૃદય એક ધબકાર ચૂકી ગયું. તે અપલક નજરે પોતાની મહોબ્બતને જોઈ રહ્યો. મન તો થયું કે તેને બાંહોમાં ઊંચકી મન ભરીને નાચે પણ ક્યારથી કાવ્યાને જોઈ રહેલી આડોશ પડોશની નજરો અને તેના તીખા વાક બાણે તેને રોકી લીધો.

'ઓયે સરલા આ બેશરમ બાઈ તો જો કેવી નાચે છે!'

'અરે વિમળા નાચવાના બહાને અંગપ્રદર્શન કરી આસપાસના પુરુષોને બહેકાવી રહી છે.આને તો સોસાયટીમાંથી કાઢવી જ રહી.'

પોતાનામાં તલ્લીન કાવ્યાને તો આ સંવાદ કાન સુધી અથડાતો જ ન હતો પણ કવન કેવી રીતે પોતાની પ્રિયતમા માટે બોલાયેલ શબ્દો સાંભળી શકે?

તે તરત જ એ જઈ બોલ્યો,'કોઈ સ્ત્રી લગ્ન કરે કે જરા ઉંમર મોટી થાય તો પોતાની ઈચ્છાઓને મન ભરીને માણી ના શકે? શું તેને ખુલ્લા આસમાનમાં કે વરસાદમાં નાહવાનો અધિકાર નથી રહેતો? કોઈ સ્ત્રી પોતાની ખુશીથી જીવી ન શકે?એક સ્ત્રી થઈ બીજી સ્ત્રીની વેદના સમજવાને બદલે આટલા અપશબ્દો કઈ રીતે બોલી શકો?તમે જ કહો કાવ્યાને તમે છેલ્લે ક્યારે ખુશ જોઈ હતી?'

કવનના સવાલ પર બધી સ્ત્રીઓ વિલા મોઢે ચૂપચાપ અંદર જતી રહી.

પોતાના ગેટનો દરવાજો ખુલતા કાવ્યાને વાસ્તવિકતાનું ભાન થયું અને તેણે ખુદને સંકોરીને એ બાજુ જોયું.

અત્યંત આશ્ચર્ય અને ભારોભાર વેદના સાથે તે બોલી,'ઓહ..કવન! તું અહીંયા?'પોતાની ભીની સાડીના છેડાને તેણે ફરી એકવાર ખુદ પર વીંટાળ્યો.

કોલેજની કાવ્યા નજરો સામે આવતા તે બોલ્યો,'એ જ તું અને એ જ તારું વરસાદમાં ભીંજાવાનું પાગલપન!'

'દિલની ઝંખનાઓ ઘણીવાર સમય અને સંજોગોના બીબામાં ખુદના અસ્તિત્વને વિખેરી એ જ આકાર ધારણ કરવા મજબૂર થઈ જાય છે!' બોલતા બોલતા કાવ્યાની આંખોએ એક નવું ચોમાસુ બેઠું!

તેની હાલત જોઈ કવન કણસી ઉઠ્યો પણ ખુદને સંભાળી તે બોલ્યો,' મેડમ વરસાદમાં નહાવાનું જૂનુંન તને છે મને નહીં! ઘરમાં આવવાનું નહીં કહે?'

'અરે કવન મોસ્ટ વેલકમ. આટલા વર્ષો બાદ તને જોયો. મને તો હતું કે તું મને ભૂલી પણ ગયો હોઈશ.'

'જે શ્વાસમાં ઓતપ્રોત હોય તેને કઈ રીતે ભૂલી શકાય! સ્થળ બદલવાથી લાગણીઓ નથી બદલાતી કાવ્યા!'

'વાહ તું તો શાયર થઈ ગયો. લે આ ટોવેલ અને જરા માથું લૂછી લે નહી તો તારી છીંકો ચાલુ થઈ જશે. હું પાંચ મિનિટમાં ચેન્જ કરીને આવું.' કવન કાવ્યાને જતી જોઈ રહ્યો.

કવનને ખુદની ક્યાં પડી હતી. ટોવેલને બાજુમાં મૂકી તે ઊભો થયો. કોઈ રાજ રજવાડાનો બંગલો હોય તેવો આલીશાન બંગલો તે જોઈ રહ્યો. એક પછી એક બધા રૂમમાં ચક્કર મારી આવ્યો. છતાં તેની આંખો જે શોધતી હતી તે ક્યાંય નજરે ન ચડ્યું.

કાવ્યા આવે તે પહેલા તે ફરી હોલના સોફામાં બેઠો. થોડીવારમાં એક માણસ એક ચાર વર્ષની નાનકડી છોકરીને લઈ ઘરમાં દાખલ થયો.

તેનામાં કાવ્યાની પ્રતિકૃતિ જોઈ કવન તેની નજીક જઈ તેને ઊંચકી લેતા બોલ્યો,'બેટા તારું નામ શું છે?'

'પિયુ કાવ્યા મલ્હોત્રા' દૂરથી કાવ્યા આવતી જોઈ તે તરત નીચે ઉતરી તેની પાસે દોડી.

પિયુ તો જતી રહી પરંતુ કવનના મનમાં કેટલાય સવાલ છોડતી ગઈ. પિયુની પાછળ કાવ્યાનું નામ અને સરનેમ સાંભળી તેને પોતાનો શક સાચો પડતો દેખાયો.

'કાવ્યા હજુ પણ કવનને એવો જ ભીનો જોઈ બોલી,' કવન, મેં તને ટોવેલ આપ્યો હતો. લાગે છે તું ખુદને બીમાર કરી ઈલ્ઝામ મારા પર નાંખીશ.'

તે ફટાફટ કિચનમાં ગઈ અને કવનની પ્રિય કોફી અને ચીઝ સેન્ડવીચ બનાવી લાવી.

'ઓહ કાવ્યા! તને મારી આદતો મને ભાવતી ડીશ બધું જ યાદ છે! મને તો વિશ્વાસ નથી આવતો કે હજુ પણ આપણી દોસ્તી તું ભૂલી નથી. કોલેજમાં તું આમ જ વરસાદમાં નાચતી અને મને જબરદસ્તી પલાળતી.'

'કવન કોલેજના એ દિવસો કેવી રીતે ભૂલી શકાય એકબીજા સાથે કરેલી મસ્તી કેન્ટીનની સેન્ડવીચ અને આપણી મીઠા ઝઘડામાં રહેલી આપણી દોસ્તી! હજુ પણ બધું જ એવું જ છે જેવું તું છોડીને ગયો હતો. તું તો અચાનક એવો ગયો કે લાગ્યું જાણે કદી મળીશ જ નહીં. મને પણ વિશ્વાસ નથી આવતો કે તું આમ અચાનક સીધા મારા ઘરે?'

'કાવ્યા શોધવાથી તો ભગવાન પણ મળી જાય. બસ શોધમાં શ્રધ્ધા ભળવી જોઈએ!'

'એટલે જ આટલા વર્ષે તે મને શોધી લીધી! જેમ કોલેજમાં ગમે ત્યાંથી શોધી લેતો!'

'હા કેમ કે દિલની ચાહત દિલબરની તકલીફોને ગમે તેટલે દૂરથી પણ અણસાર આપી જ દે છે. તું કહે આ બધું શું? કોલેજમાં અચાનક તે અને રોહને લગ્ન કરી લીધા અને અત્યારે તું એકલી?'

'હા કવન તને ખબર છે રોહન મને પસંદ કરતો હતો અને હું પણ તેણે દેખાડેલ સ્વપ્નમાં ખોવાઈ. મેં તેનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. પણ તે નર્યો મૃગજળ હતો. લગ્નના ત્રણ વર્ષ બાદ તે દેવું કરી કોઈને લઈ વિદેશ જતો રહ્યો. ત્યારથી મારી પિયુ અને મારી સખત મહેનત મારા સાથી છે! આજે હું પિયુને બધું સુખ આપી શકું છું સિવાય તેના પિતા...'

કવન ઊભો થયો અને કાવ્યાનો હાથ પોતાના હાથમાં લેતા બોલ્યો,'કાવ્યા કોલેજથી લઈ આજ સુધી ફક્ત તને ચાહી છે! આજથી પિયુ મારી દિકરી છે. જો તું હા કહે તો મારા દિલ અને ઘરના દ્વાર તારા દસ્તકની રાહ જુએ છે!'

કવન વર્ષોથી તારી આંખોમાં રહેલ પ્રેમને સમજતી હતી આજે મહેસૂસ કરું છું. ક્યાંકને ક્યાંક મારા દિલને પણ તારો ઈંતજાર હતો! દિલની એ લાગણીઓ તારા અહેસાસ સાથે સ્પંદિત થઈ એકમેકમાં એકાકાર થઈ રહી!'

કવન તરત જ કાવ્યાને ઊંચકીને અગાસીમાં લઈ ગયો. બંનેના મધુર મિલનમાં ગગન પણ ધરાને પોતાની ચાહતની બુંદોને તરબોળ કરવા લાગ્યો.

**કવન કણસી ઊઠ્યો પણ ખુદને સંભાળી તે બોલ્યો, 'મેડમ, વરસાદમાં નહાવાનું ઝુનૂન તને છે, મને નહીં! ઘરમાં આવવાનું નહીં કહે?'**

bhumi.hjoshi@gmail.com



## ઈલાજ શક્ય છે? શું છે ઉપાય?

# સ્ત્રીઓમાં કેલ્શિયમની ઊણપ

સ્વસ્થ જીવન
અનિતા આનંદ

**એક પુખ્ત વ્યક્તિને શરીરના વજનના કિલોગ્રામ દીઠ ૮૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે, જ્યારે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીને ૧૨૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે**

આપણા સ્વાસ્થ્ય અને હાડકાંને મજબૂત રાખવા માટે શરીરમાં કેલ્શિયમનું સંતુલિત પ્રમાણ હોવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેની ઉણપથી હાડકાના દુખાવાથી લઈને હૃદયની સમસ્યાઓ સુધીની સમસ્યાઓ થઈ શકે છે. પરંતુ ઘણીવાર એવું જોવા મળે છે કે સ્ત્રીઓમાં કેલ્શિયમની ઉણપ જોવા મળે છે. તેમની દિનચર્યા તેમજ તેમનો આહાર આ માટે જવાબદાર છે. વધતી ઉંમર અને બદલાતા જીવનશૈલી સાથે, સ્ત્રીઓમાં કેલ્શિયમની ઉણપનું જોખમ વધારે હોય છે. આ વાર્તામાં, કેટલાક નિષ્ણાતો સાથેની વાતચીતના આધારે, આપણે સમજવાનો પ્રયાસ કરીશું કે કેલ્શિયમની ઉણપ શરીર પર શું અસર કરી શકે છે.

હાલમાં, શહેરોમાં રહેતી વસ્તીનો મોટો ભાગ, પછી ભલે તે સ્ત્રીઓ હોય કે પુરુષો, કેલ્શિયમની ઉણપથી પીડાતા જોવા મળે છે. આવા કિસ્સાઓમાં, આ સમસ્યા સામાન્ય રીતે બાળપણથી જ શરૂ થાય છે. બાળકોના હાથ, પગ કે હાડકામાં દુખાવાની ફરિયાદો તેના લક્ષણોમાંનું એક છે.

બેંગ્લોરના ડૉ. આત્રેય નિહારચંદ્ર લગભગ બે દાયકાથી પોષણ ક્ષેત્રે કાર્યરત છે. તેઓ કહે છે કે આજકાલ બાળકો અને અન્ય લોકોને પૂરતો સૂર્યપ્રકાશ મળતો નથી અને તેમનામાં કેલ્શિયમની ઉણપ જોવા મળે છે. આપણા શરીરને સૂર્યપ્રકાશ દ્વારા વિટામિન ડી મળે છે જે શરીરને કેલ્શિયમ શોષવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તે હાડકાંને મજબૂત રાખે છે. તેઓ કહે છે, 'હવે રમવા કે શારીરિક પ્રવૃત્તિ માટે ખુલ્લા મેદાન નથી, અથવા તેમની અછત છે. બાળકો સામાન્ય રીતે ઇન્ડોર રમતો પણ રમે છે. આનાથી શારીરિક પ્રવૃત્તિઓ ઓછી થાય છે અને હાડકાંનું સ્વાસ્થ્ય નબળું રહે છે.' જો ગામડાંઓમાં લોકો વધુ શારીરિક શ્રમ કરે છે અને તેમના શરીરને પૂરતો સૂર્યપ્રકાશ મળે છે, તો ઘણી વખત તેમના ખોરાકમાં પૂરતું કેલ્શિયમ હોતું નથી.

શરીરમાં કેલ્શિયમની ઉણપને પૂર્ણ કરવાનો એક રસ્તો સારો આહાર હોઈ શકે છે. પરંતુ જે લોકોમાં કેલ્શિયમની ઉણપ હોય છે તેમનો આહાર પણ તેને પૂર્ણ કરી શકતો નથી. ડૉ. આત્રેય નિહારચંદ કહે છે, 'આજે મોટા પાયે જે આનુવંશિક રીતે સુધારેલ ખોરાકનો ઉપયોગ થઈ રહ્યો છે તે ઘઉં છે. આ ઉપરાંત, ગાયના દૂધ પર વધુ નિર્ભર લોકોમાં કેલ્શિયમની ઉણપ પણ જોવા મળે છે, કારણ કે તેમાં પણ ભેળસેળનું જોખમ રહેલું છે.'

સામાન્ય રીતે, આપણે આપણા ઘરોમાં અથવા તેની આસપાસ આવા ઘણા કિસ્સાઓ જોઈએ છીએ, જેમાં કેલ્શિયમની ઉણપને કારણે સ્ત્રીઓને ડૉક્ટરની સલાહ લેવાની જરૂર પડે છે. કમરનો દુખાવો, ઘૂંટણનો દુખાવો અને હાડકાં નબળા પડવા એ હવે સ્ત્રીઓમાં ખૂબ જ સામાન્ય બીમારીઓ છે. ઓનલાઈન વેલનેસ પ્લેટફોર્મ 'મેટામોર્ફોસિસ' ના સ્થાપક અને પોષણ નિષ્ણાત દિવ્યા પ્રકાશે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં મહિલાઓમાં કેલ્શિયમની ઉણપ પર એક ખાસ અભ્યાસ કર્યો છે. તેમનું કહેવું છે કે બાળપણમાં છોકરીઓનો શારીરિક વિકાસ છોકરાઓ કરતાં ઝડપી હોય છે, તેથી તેમને વધુ કેલ્શિયમની જરૂર હોય છે અને ૧૯ વર્ષ પછી છોકરાઓનો વિકાસ ઝડપી થાય છે, પરંતુ છોકરીઓને પણ માસિક ધર્મ અને અન્ય કારણોસર વધુ કેલ્શિયમની જરૂર હોય છે.

ઘણા માતા-પિતા જાહેરાતો જોયા પછી તેમના બાળકોને દૂધમાં ભેળવીને કેટલાક સ્વાસ્થ્ય સપ્લિમેન્ટ્સ આપે છે, પરંતુ નિષ્ણાતોના મતે, આનાથી બાળકના શરીરમાં કેલ્શિયમ કરતાં વધુ ખાંડ પ્રવેશે છે અને બાળકો ખાંડના વ્યસની બની જાય છે. આ કારણે, તેમને સામાન્ય દૂધ કે ખાંડ વગરની કોઈપણ વસ્તુ પસંદ નથી. શરીરમાં કેલ્શિયમની ઉણપને રોકવા માટે અંજીર, બ્રોકોલી, સરગવા, રાગી, સૂકા ફળો, બદામ વગેરે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે.

ગર્ભાવસ્થા દરમિયાન, ગર્ભને ઝડપથી કેલ્શિયમ અને આયર્નની જરૂર પડે છે, જે તેને તેની માતા પાસેથી મળે છે. તેથી, આ સમયગાળા દરમિયાન સ્ત્રીઓને કેલ્શિયમની ખૂબ જરૂર હોય છે. ગર્ભાવસ્થા દરમિયાન, છઠ્ઠા મહિનાથી આ જરૂરિયાત વધુ વધી જાય છે. જો સ્ત્રીઓ આવા સમયે તેમના સ્વાસ્થ્યનું ધ્યાન ન રાખે, તો તેમના શરીરમાં કેલ્શિયમની ઉણપની સમસ્યા કાયમી બની શકે છે. એટલા માટે ડૉક્ટરો સામાન્ય રીતે ગર્ભવતી સ્ત્રીઓને કેલ્શિયમ અને આયર્નની ગોળીઓ આપે છે, જેથી શરીરમાં આની ઉણપ ન રહે.

સામાન્ય રીતે, એક પુખ્ત વ્યક્તિને શરીરના વજનના કિલોગ્રામ દીઠ ૮૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે, જ્યારે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીને ૧૨૦૦ મિલિગ્રામ કેલ્શિયમની જરૂર હોય છે. જોકે, કેલ્શિયમ અને આયર્નની ગોળીઓ લેતી વખતે સાવધાની રાખવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. શરીરમાં કેલ્શિયમની ઉણપથી બચવા માટે, શરૂઆતથી જ શરીરમાં કેલ્શિયમની યોગ્ય માત્રા જાળવી રાખવી જરૂરી છે, કારણ કે વધતી ઉંમર સાથે, શરીરની કેલ્શિયમ શોષવાની ક્ષમતા પણ ઘટતી જાય છે. સ્ત્રીઓમાં, મેનોપોઝ પછી કેલ્શિયમ શોષવાની ક્ષમતા ઘટીને ૩૦% થઈ જાય છે. આ રીતે, વધતી ઉંમર સાથે, શરીરમાં હાડકાંનું અધોગતિ શરૂ થાય છે.

કેલ્શિયમની ઉણપ માત્ર હાડકાંને નબળા બનાવી શકતી નથી, પરંતુ તે હૃદય સંબંધિત સમસ્યાઓનું કારણ પણ બની શકે છે. કેલ્શિયમ એક ચરબીયુક્ત દ્રાવ્ય પદાર્થ છે અને સ્ત્રીઓની શારીરિક રચનાને કારણે, સરેરાશ સ્ત્રીના શરીરમાં પુરુષના શરીર કરતાં વધુ ચરબી હોય છે. આપણા શરીરમાં કેલ્શિયમ યોગ્ય રીતે શોષાય તે માટે આપણું ચયાપચય યોગ્ય હોવું જરૂરી છે.

ઝડપી ચાલવા (વ્યાયામ), સમયસર સૂવા (ઓછામાં ઓછા ૭-૮ કલાક) અને સમયસર જાગવાથી ચયાપચય સ્વસ્થ રાખી શકાય છે. કેલ્શિયમની દવા સરળતાથી ઉપલબ્ધ હોવા છતાં, ડૉક્ટરની સલાહ લીધા વિના કેલ્શિયમની ગોળીઓ કે દવા લેવી સલામત નથી. વધુ પડતું કેલ્શિયમ કિડનીમાં પથરી સહિત ઘણી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.

યંગિસ્તાને બર્મિંગહામમાં ઈંગ્લેન્ડના ૫૮ વર્ષના એકહથ્થુ શાસનનો અંત આણ્યો : ભારત બર્મિંગહામમાં ટેસ્ટ જીતનાર પ્રથમ એશિયન ટીમ

# શુભમન યુગમાં ભારતના શુભ વિજયના પાંચ નાયક

## બર્મિંગહામ ખાતે જીત મેળવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો : જીત સાથે યુવા ભારતીય ટીમે ઘણા રેકોર્ડ બનાવ્યા અને સોનેરી ઈતિહાસ પણ રચ્યો





બર્મિંગહામ,તા.૭


બર્મિંગહામના એજબેસ્ટન ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે યજમાન ઈંગ્લેન્ડને ૩૩૬ રનથી હરાવ્યું. આ જીત સાથે, યુવા ભારતીય ટીમે ઘણા રેકોર્ડ બનાવ્યા અને ઈતિહાસ રચ્યો. ૨૦૨૧ માં ઓસ્ટ્રેલિયાના ગાબ્બાના ગૌરવને તોડનાર ટીમ ઈન્ડિયાએ હવે બર્મિંગહામ-એજબેસ્ટનનું ગૌરવ તોડી નાખ્યું છે. આ જીત સાથે શુભમન યુગની પણ શરૂઆત થઈ ગઈ છે. ટીમ ઈન્ડિયાએ ૧૯૬૭માં બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર પોતાની પહેલી મેચ રમી હતી. આ ટેસ્ટ પહેલા કોઈ પણ ભારતીય કેપ્ટન અહીં જીત્યો ન હતો. જોકે, ગિલે ઈતિહાસના પુસ્તકોમાં પોતાનું નામ અંકિત કરી લીધું છે. તેમના નેતૃત્વમાં, ટીમ ઈન્ડિયાએ ૫૮ વર્ષનો દુકાળ સમાપ્ત કર્યો છે. ગિલ એજબેસ્ટન, બર્મિંગહામ ખાતે જીત મેળવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે. ગિલના નેતૃત્વમાં, ભારતીય ખેલાડીઓએ એજબેસ્ટન ખાતે અગાઉના રેકોર્ડને પાછળ છોડીને ઈતિહાસ રચ્યો. એટલું જ નહીં, ગિલ બર્મિંગહામમાં જીત મેળવનાર પ્રથમ એશિયન કેપ્ટન પણ બન્યો. તે જ સમયે, ભારત બર્મિંગહામમાં ટેસ્ટ જીતનાર પ્રથમ એશિયન ટીમ છે. ભારતીય ટીમે એજબેસ્ટન ખાતે તેની નવમી ટેસ્ટ જીતી હતી, બર્મિંગહામના એજબેસ્ટન ખાતે કોઈ ટીમે ૧૦૦૦+ રન બનાવ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. ભારતે પહેલી વાર ક્યાંય પણ આવું કર્યું છે. શુભમન ગિલ : ટેસ્ટ મેચ જીતનાર ૨૫મો ભારતીય કેપ્ટન બન્યો છે. ગિલના નામે એક ટેસ્ટ મેચમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ રન (૪૩૦)નો રેકોર્ડ પણ હતો. તેમણે ૧૯૭૧માં પોર્ટ ઓફ સ્પેનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ગાવસ્કરના ૩૪૪ (૧૨૪ અને ૨૨૦) રનના રેકોર્ડને પાછળ છોડી દીધો.

આકાશ દીપ : ઈંગ્લેન્ડની ધરતી પર ટેસ્ટમાં ભારતીય બોલર દ્વારા શ્રેષ્ઠ બોલિંગ આંકડા (૪૧.૧-૪-૧૮૭-૧૦) રેકોર્ડ કર્યા. તેમણે ૧૯૮૬માં આ જ સ્થળે ચેતન શર્માના ૫૩.૩-૬-૧૮૮-૧૦ના રેકોર્ડને તોડી નાખ્યો. આકાશ દીપ ચેતન શર્મા પછી ઈંગ્લેન્ડમાં ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનાર બીજો ભારતીય બોલર બન્યો.

ઋષભ પંત : તેણે બીજી ઈનિંગમાં, પંતે ૫૮ બોલમાં આઠ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૬૫ રનની ઝડપી ઈનિંગ રમી. રવિન્દ્ર જાડેજા : એજબેસ્ટન ખાતે પ્રભાવશાળી બેટિંગ રેકોર્ડ જાળવી રાખ્યો છે. જાડેજાએ આ વખતે પહેલી ઈનિંગમાં ૮૯ રન અને બીજી ઈનિંગમાં અણનમ ૬૯ રન બનાવ્યા. સિરાઝ : સિરાજે પહેલી ઈનિંગમાં ૧૯.૩ ઓવરમાં ૭૦ રન આપીને છ વિકેટ ઝડપી હતી.

આગામી રાઉન્ડમાં અલ્કારાઝનો સામનો બ્રિટનના કેમેરોન નોરી સામે થશે

# વિમ્બલ્ડન ટેનિસ : અલ્કારાઝ, સબાલેંકા વિમ્બલ્ડન ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા




લંડન, તા.૭

ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝે આન્દ્રે રુબલેવને હરાવીને અને ટોચના ક્રમાંકિત આર્યના સબાલેંકાએ મહિલા વર્ગમાં એલિસ મેર્ટેન્સને હરાવીને વિમ્બલ્ડન ટેનિસ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો.સ્પેનિશ અનુભવી ટેનિસ ખેલાડી અલ્કારાઝે ૧૪મા ક્રમાંકિત રુબલેવ સામે પહેલો સેટ ગુમાવ્યા બાદ વાપસી કરી અને ૬-૭ (૫), ૬-૩, ૬-૪, ૬-૪ થી જીત મેળવી. ૨૨ વર્ષીય સ્પેનિયાર્ડે બીજા અને ત્રીજા સેટમાં મહત્વપૂર્ણ બ્રેક પોઈન્ટનો લાભ લીધો અને ચોથા સેટમાં બીજા બ્રેક સાથે મેચ જીતી લીધી. આગામી રાઉન્ડમાં, અલ્કારાઝનો સામનો બ્રિટનના કેમેરોન નોરી સામે થશે. નોરીએ પાંચ સેટની મેરેથોનમાં ચિલીના નિકોલસ જેરીને ૬-૩, ૭-૬ (૪), ૬-૭ (૭), ૬-૭ (૫), ૬-૩ થી હરાવ્યો. પાંચમાં ક્રમાંકિત ટેલર ફ્રિટ્ઝે તેના શ્રેષ્ઠ વિમ્બલ્ડન પ્રદર્શનની બરાબરી કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. પ્રતિસ્પર્ધી જોર્ડન થોમ્પસન ઈજાને કારણે ૬-૧, ૩-૦ થી પાછળ રહ્યા બાદ નિવૃત્તિ લીધી. ફ્રિટ્ઝનો સામનો આગામી રાઉન્ડમાં રશિયાના કરેન ખાચાનોવ સામે થશે. ખાચાનોવે પોલેન્ડના કામિલ માજકર્ઝાકને સરળતાથી ૬-૪, ૬-૨, ૬-૩ થી હરાવ્યો.

મહિલા વર્ગમાં, વિશ્વની નંબર એક સબાલેંકાએ મર્ટેન્સના મુશ્કેલ પડકારને ૬-૪, ૭-૬ (૪) થી હરાવીને અંતિમ આઠમાં સ્થાન મેળવ્યું. છઠ્ઠી ક્રમાંકિત બેલારુસિયન સબાલેંકાની આગામી મુકાબલામાં જર્મનીની લૌરા સિગમન્ડ સામે ટકરાશે. ૩૭ વર્ષીય જર્મન ખેલાડીએ શાનદાર પ્રદર્શન કર્યું અને આર્જેન્ટિનાની સોલાના સિએરાને ૬-૩, ૬-૨ થી હરાવી.અમેરિકન અમાન્ડા અનિસિમોવાએ ચેક રિપબ્લિકની લિન્ડા નોસ્કોવા સામે ૬-૨, ૫-૭, ૬-૪ થી કઠિન મુકાબલો જીત્યો. ૧૩મા ક્રમાંકિત અનિસિમોવાનો સામનો આગામી મુકાબલામાં અનાસ્તાસિયા પાવલ્યુચેંકોવા સામે થશે, જેમણે દિવસની શરૂઆતમાં બ્રિટનની સોન્જે કાર્ટલને હરાવી હતી.

જોકોવિક અને મિનોરની મેચ માણવા સેલિબ્રેટીઓનો જમાવડો









લંડનમાં રમાઇ રહેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં નોવાક જોકોવિક અને એલેક્ષ મિનોર વચ્ચેની મેચનો આનંદ માણવા ક્રિકેટ જગતના જિમી એન્ડરસન, જો રૂટ , બ્રાયન લારા અને ટેનિસ જગતનો એક સમયનો સિતારો રોજર ફેડરર પત્ની સાથે ઉપસ્થિત રહ્યો હતો.

આઇસીસીને આ પદ માટે ૨૫ દેશોમાંથી ૨,૫૦૦થી વધુ અરજીઓ મળી હતી

# સંજોગ ગુપ્તાએ ICC ના નવા CEO તરીકેની જવાબદારી સંભાળી લીધી



દુબઈ,તા.૭

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદએ સંજોગ ગુપ્તાને તેના સીઈઓ તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે. આઈસીસીના સાતમા સીઈઓ બનવા જઈ રહેલા સંજોગ સોમવારે ચાર્જ સંભાળશે. નવા સીઈઓની જાહેરાત કરતા આઈસીસીએ કહ્યું, "આઈસીસી સંજોગ ગુપ્તાનું સ્વાગત કરે છે. તેઓ ક્રિકેટની વૈશ્વિક યાત્રાને પરિવર્તનશીલ ભવિષ્ય તરફ લઈ જવાની તૈયારી કરી રહ્યા છે. આઈસીસીએ માર્ચમાં વૈશ્વિક ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી. આ પદ માટે ૨૫ દેશોમાંથી ૨,૫૦૦ થી વધુ અરજીઓ મળી હતી. ઉમેદવારોમાં રમતગમત સંચાલક મંડળોના નેતાઓથી લઈને વિવિધ ક્ષેત્રોના વરિષ્ઠ કોર્પોરેટ અધિકારીઓનો સમાવેશ થાય છે. આઈસીસીના ચેરમેન જય શાહે કહ્યું, "મને જાહેરાત કરતા આનંદ થાય છે કે સંજોગ ગુપ્તાને આઈસીસીના સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સંજોગને રમતગમતની વ્યૂહરચના અને વ્યાપારીકરણનો બહોળો અનુભવ છે, જે આઈસીસી માટે અમૂલ્ય રહેશે. વૈશ્વિક રમતગમત અને મીડિયા અને મનોરંજન ક્ષેત્ર પ્રત્યેની તેમની ઊંડી સમજ, ક્રિકેટ ચાહકોના દ્રષ્ટિકોણને સમજવા માટેની તેમની સતત જિજ્ઞાસા અને ટેકનોલોજી પ્રત્યેનો તેમનો જુસ્સો, આ બધું આવનારા વર્ષોમાં આપણી રમતને વિકસાવવાની મહત્વાકાંક્ષાઓમાં અમૂલ્ય રહેશે."

જય શાહે કહ્યું કે અમારો ઉદ્દેશ્ય પરંપરાગત સીમાઓથી આગળ વધીને ઓલિમ્પિક જેવા પ્લેટફોર્મ પર ક્રિકેટને નિયમિત રમત તરીકે સ્થાપિત કરવાનો છે, જેથી તે સમગ્ર વિશ્વમાં વધુ ફેલાઈ શકે અને તેના મુખ્ય બજારોમાં ઊંડા મૂળિયાં પકડી શકે. જય શાહે કહ્યું, "અમે આ પદ માટે ઘણા ઉમેદવારોના નામો પર વિચાર કર્યો હતો, પરંતુ નોમિનેશન સમિતિએ સર્વાનુમતે સંજોગ ગુપ્તાની ભલામણ કરી હતી. આઈસીસી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમની સાથે કામ કરવા માટે આતુર છે.

દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે વચ્ચે બીજી મેચ ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાઈ રહી છે

# મુલ્ડરે ત્રેવડી સદી ફટકારી ૬૭ વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

## ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઈતિહાસમાં કેપ્ટન તરીકેની ડેબ્યૂ મેચમાં જ ત્રેવડી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી



બુલાવાયો,તા.૭

દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ બુલાવાયોના ક્વીન્સ સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાઈ રહી છે. જ્યાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન વિઆન મુલ્ડરે સોમવારના રોજ પોતાની ત્રેવડી સદી પૂર્ણ કરીને ઈતિહાસ રચ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ સાથે વિઆન મુલ્ડરે ઘણા મોટા રેકોર્ડ પોતાના નામે કર્યા છે. હા, આવું જ બન્યું છે. આ મેચમાં, વિઆન મુલ્ડરે ૩૩૪ બોલમાં ૪૯ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી અણનમ ૩૬૭ રન બનાવ્યા હતા. આ સાથે, તે હવે ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઈતિહાસમાં કેપ્ટન તરીકેની પોતાની ડેબ્યૂ મેચમાં જ ત્રેવડી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. તેના સિવાય દુનિયાનો કોઈ બીજો ક્રિકેટર આ રેકોર્ડ બનાવી શક્યો નથી. ૨૭ વર્ષીય વિઆન મુલ્ડરે બુલાવાયોના મેદાન પર ૩૦૦થી વધુ રનની ઐતિહાસિક ઈનિંગ રમીને પાકિસ્તાની બેટ્સમેન હનીફ મોહમ્મદનો ૬૭ વર્ષ જૂનો વિશ્વ રેકોર્ડ તોડી નાખ્યો છે. વાસ્તવમાં, વિઆન મુલ્ડર હવે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં વિદેશી મેચની એક ઈનિંગમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ધરાવે છે. આ પહેલા આ રેકોર્ડ હનીફ મોહમ્મદના નામે હતો જેમણે ૧૯૫૮માં બાર્બાડોસના મેદાન પર વેસ્ટ ઈન્ડિઝ સામે ૩૩૭ રન બનાવ્યા હતા. આ ઉપરાંત, વિઆન મુલ્ડરે દક્ષિણ આફ્રિકા માટે એક જ ટેસ્ટ ઈનિંગમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે. આ સંદર્ભમાં, તેણે હાશિમ અમલાને પાછળ છોડી દીધો, જેણે ૨૦૧૨ માં દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન તરીકે અણનમ ૩૧૧ રન બનાવ્યા હતા. એટલું જ નહીં, તમારે એ પણ જાણવું જોઈએ કે વિઆન મુલ્ડર હેરી બ્રુકને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ત્રેવડી સદી ફટકારનાર બીજા બેટ્સમેન બન્યા છે. તેણે ૨૯૭ બોલમાં ત્રેવડી સદી ફટકારીને આ સિદ્ધિ મેળવી. આ યાદીમાં ટોચ પર વીરેન્દ્ર સેહવાગ છે જેમણે ૨૦૦૮ માં દક્ષિણ આફ્રિકા સામે ૨૭૮ બોલમાં ત્રેવડી સદી ફટકારી હતી. બુલાવાયો ટેસ્ટમાં, ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, ત્યારબાદ દક્ષિણ આફ્રિકાએ તેમની પ્રથમ ઈનિંગમાં ૧૧૪ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૬૨૬ રન બનાવ્યા હતા અને પછી ઈનિંગ જાહેર કરી હતી.

**ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં ૩૩૪ બોલમાં ૪૯ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી અણનમ ૩૬૭ રન બનાવ્યા**


અજબ ગજબ

## જૈન ધર્મમાં ૩ પ્રકારના તીર્થસ્થાનો છે, જેને સિદ્ધ, અતિષ્ય અને તીર્થ ક્ષેત્ર કહેવામાં આવે છે

# ટેકરી પર બનેલા ૩૭૦૦ વર્ષ જૂના ૬ ચમત્કારિક જૈન તીર્થસ્થાન



જો આપણે જૈન ધર્મ વિશે વાત કરીએ જે અહિંસા અને બલિદાનને સમર્પિત છે, તો બુંદેલખંડ ક્ષેત્રમાં ઘણા તીર્થસ્થાનો છે. જે જૈન ધર્મના ગૌરવશાળી ઈતિહાસનું વર્ણન કરે છે. બુંદેલખંડમાં સાગર અને છતરપુર જિલ્લાની સરહદ પર આવેલું નૈનાગીર જૈન તીર્થંકરો અને ઋષિઓના કલ્યાણકારી અને ચમત્કારિક ઘટનાઓનું સાક્ષી છે. ખાસ વાત એ છે કે જૈન ધર્મમાં ૩ પ્રકારના તીર્થસ્થાનો છે, જેને સિદ્ધ, અતિષ્ય અને તીર્થ ક્ષેત્ર કહેવામાં આવે છે. નૈનાગીરમાં ત્રણેય પ્રકારની વિશેષતાઓ જોઈ શકાય છે. આ જૈન ધર્મના ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનું સ્થાન છે. આ સુંદર ટેકરી પર ૫૬ મંદિરો સ્થાપિત છે; દેશ અને દુનિયાભરના જૈન ભક્તો અહીં પોતાના ઈતિહાસ અને



તેમની સાથે સંકળાયેલી ચમત્કારિક ઘટનાઓ જાણવા માટે આવે છે. એવું કહેવાય છે કે આ એક જૈન તીર્થસ્થળ છે જે ૩૭૦૦ વર્ષથી વધુ જૂનું છે. નૈનાગીર સાગર વિભાગના છતરપુર જિલ્લાના બકસ્વાહા વિકાસ બ્લોકમાં આવેલું એક નાનું ગામ છે. આ ગામ દેશભરમાં એક પ્રખ્યાત જૈન તીર્થસ્થળ તરીકે જાણીતું છે. અહીં એક ટેકરી પર ૫૬ મંદિરો એકસાથે આવેલા છે. આ સ્થળ સાગરથી ૫૫ કિમી અને છતરપુરથી ૧૨૫ કિમી દૂર આવેલું છે. હવાઈ માર્ગે અહીં પહોંચવા માટે સૌથી નજીકનું એરપોર્ટ ખજુરાહો એરપોર્ટ છે. સાગર, દમોહ અને છતરપુરથી રેલ અને બસ દ્વારા અહીં પહોંચી શકાય છે. ભૂતપૂર્વ મેનેજર કચેડીલાલ જૈન કહે છે કે "આ સ્થળને સિદ્ધ, અતિશય અને તીર્થ ક્ષેત્ર માનવામાં આવે છે. સિદ્ધ, અતિશય અને તીર્થ ક્ષેત્ર પણ એવી પવિત્ર ભૂમિ ખૂબ જ દુર્લભ છે. આચાર્ય વિદ્યાસાગરે અહીં ૭૦૦ દિવસ વિતાવ્યા. આચાર્ય વિદ્યાસાગરે ત્રણ વખત વર્ષાયોગ, ત્રણ વખત શીતળયોગ કર્યો હતો, આચાર્ય શ્રીનો ચતુર્વિધિ સંઘ પણ અહીં રચાયો હતો. આર્યિકા દીક્ષા પણ અહીંથી શરૂ થઈ હતી. ૨૩મા તીર્થંકરનો પંચ કલ્યાણક થઈ રહ્યો હતો, આચાયશ્રી સાથે ૨૩ પિચ્છિકો હતા અને દીક્ષા કલ્યાણકના દિવસે ૨૩ વધુ નવી દીક્ષાઓ થઈ હતી. આ ભૂમિ પર આવા ચમત્કારો થતા રહે છે. જૈન ધર્મમાં, તે સ્થાનને સિદ્ધ ક્ષેત્રનો દરજ્જો આપવામાં આવે છે. જ્યાંથી કોઈપણ તીર્થંકર કે મુનિરાજ સિદ્ધ માર્ગ કે મોક્ષ પ્રાપ્ત કરે છે. અહીં, ૨૨મા તીર્થંકર નેમિનાથના સમયગાળા દરમિયાન, પાંચ મુનિરાજોએ નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું, તેથી તેને સિદ્ધક્ષેત્ર. તેનો સમયગાળો જો આપણે વાત કરીએ તો, મહાવીર સ્વામીથી ૨૫૫૧ વર્ષ થયા છે. તેના અઢીસો વર્ષ પહેલા ભગવાન પાર્શ્વનાથનો કાર્યકાળ હતો. ત્યારબાદ નેમિનાથનો કાર્યકાળ ૧ હજાર વર્ષ હતો, તેથી આ ૩૭૫૦ વર્ષ જૂનું સિદ્ધક્ષેત્ર છે. અતિષ્ય ક્ષેત્રનો દરજ્જો તે સ્થાનને આપવામાં આવે છે જ્યાં કોઈ ચમત્કારિક અથવા આશ્ચર્યજનક ઘટના બની હોય. આ અતિષ્ય ક્ષેત્ર લગભગ ૨૭૦૦ વર્ષ જૂનું છે. ભગવાન પાર્શ્વનાથ સ્વામીનું સમાવસરણ અહીં ત્રણ વખત થયું હતું. સમાવસરણની વ્યવસ્થામાં ૧૨ સભાઓ છે, ૧૨ સભાઓમાં ચાર પ્રકારના દેવ દેવાંગના, મુનિ, આર્યિક, શ્રાવક-શ્રાવિકા અને પ્રાણીઓ પણ સમાવસરણ પહોંચે છે. પ્રાણીઓ પણ ભગવાનના ઉપદેશોને તેમની ભાષામાં સમજે છે.








બોલિવૂડ ડાયરી

આમિર ખાન મુંબઈ એરપોર્ટ પર ક્લિક થયો હતો. દિશા પટણી શહેરમાં આઉટિંગ માટે નીકળી હતી. વાણી કપૂર પણ આઉટિંગ વખતે સ્પોર્ટી લૂકમાં નજરે પડી હતી. નોરા ફતેહી મુંબઈ એરપોર્ટ પર ઉતાવળમાં જોવા મળી હતી. તેજસ્વી પ્રકાશે પણ એરપોર્ટ પણ ફોટા માટે પોઝ આપ્યો હતો. જ્યારે અલાયા એફ શહેરમાં તેના સ્ટાઈલિશ લૂકમાં જોવા મળી હતી.

હાન્સ અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ ફિલ્મોમાં સંગીત આપી ચૂક્યા છે

# હોલિવૂડના સંગીતકાર હાન્સ ઝિમર બોલિવૂડમાં ડેબ્યૂ કરશે




સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મ રામાયણ અત્યારેથી જ લોકોના દિલમાં રાજ કરવા લાગી છે, એક પછી એક ખૂબીઓ તેમાં ઉમેરાઈ રહી છે.એક વાત જે લોકોને વધુ આશ્ચર્યચકિત કરે છે તે છે તેનું પૃષ્ઠભૂમિ સંગીત. જે હોલીવુડના સંગીતકાર હાન્સ ઝિમર અને એઆર રહેમાન દ્વારા આપવામાં આવ્યું છે. સંગીત ખરેખર અદ્ભુત છે. ગતિથી શરૂ થતું સંગીત ધીમે ધીમે તમને એક જ ઝોનમાં લઈ જાય છે. અને પછી જ્યારે તમને લાગે છે કે તે સમાપ્ત થવાનું છે, ત્યારે રામ અને રાવણ પ્રવેશ કરે છે. જે તમને એક અદ્ભુત અનુભૂતિ કરાવે છે.આ ફર્સ્ટ લૂક વિડીયોએ ચાહકોની અપેક્ષાઓ આકાશને આંબી ગઈ છે. તે જ સમયે, પહેલીવાર હાન્સ ઝિમર બોલિવૂડ ફિલ્મ સાથે સીધા જોડાયેલા છે. આ પોતે જ ખૂબ જ પ્રશંસનીય બાબત છે. આવી સ્થિતિમાં, સોશિયલ મીડિયા પર પ્રશ્નોનો દોર ચાલી રહ્યો છે કે હંસ કોણ છે.હોલીવુડના ટોચના સંગીતકાર હાન્સ ઝિમર ૬૭ વર્ષના છે. તેમનો જન્મ ૧૨ સપ્ટેમ્બર ૧૯૫૭ ના રોજ જર્મનીના ફ્રેન્કફર્ટમાં થયો હતો. તેમના પરિવારે પણ બીજા વિશ્વયુદ્ધનું દુઃખ સહન કર્યું છે. હંસ અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ ફિલ્મોમાં સંગીત આપી ચૂક્યા છે. પરંતુ તેમને ૨૦૧૧ માં રિલીઝ થયેલી ફિલ્મ ઇન્સેપ્શનથી ઓળખ મળી. આ ઉપરાંત, હંસ ધ લાયન, ગ્લેડીયેટર, બ્લેક હોક ડોન, મેડાગાસ્કર, શેરલોક હોમ્સ અને ડ્યુન જેવી પ્રતિષ્ઠિત ફિલ્મો માટે પણ સંગીત આપ્યું છે.તેમણે ૨ ઓસ્કાર એવોર્ડ જીત્યા છે.હાન્સે ૧૯૭૭માં ધ બગલ્સ બેન્ડ સાથે કામ કરીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી, તે ઇટાલિયન બેન્ડ ક્રિસ્માસમાં જોડાયો. આ પછી, હેન્સે રેડિયો અને જાહેરાતો માટે જિંગલ્સ બનાવ્યા. અહીંથી જ એક વાસ્તવિક સંગીતકાર તરીકેની તેમની સફર શરૂ થઈ. ૧૯૮૨માં, તેમણે સ્ટેનલી માયર્સ સાથે તેમની પહેલી ફિલ્મ મૂનલાઈટિંગ માટે સંગીત આપ્યું. આ પછી, તેમણે ૧૯૮૭માં ફિલ્મ ટર્મિનલ એક્સપોઝરથી એકલ ડેબ્યૂ કર્યું. તેમણે તેના ગીતો પણ લખ્યા.હાન્સ ઝિમરને ૧૯૯૪માં ધ લાયન કિંગ અને ૨૦૨૧માં ડ્યુન માટે બેસ્ટ ઓરિજિનલ સ્કોર માટે એકેડેમી એવોર્ડ પણ મળ્યો છે. એટલું જ નહીં, હેન્સને ૧૨ વખત એકેડેમી એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તેમણે ૫ વખત સંગીતનો સૌથી મોટો ગ્રેમી એવોર્ડ પણ જીત્યો છે અને ૩ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ પણ જીત્યા છે. હવે તે રામાયણ સાથે પહેલીવાર એઆર રહેમાન સાથે એક નવો ઇતિહાસ રચવા જઈ રહ્યો છે.

**હોલિવૂડના ટોચના સંગીતકાર હાન્સ ઝીમર ૬૭ વર્ષના છે, તેમનો જન્મ ૧૨ સપ્ટેમ્બર ૧૯૫૭ ના રોજ જર્મનીના ફ્રેન્કફર્ટમાં થયો હતો**

એક્ટ્રેસે અચાનક કરેલી પોસ્ટને કારણે ફેન્સ પણ ચોંકી ઊઠ્યા


# માફ કરજો મિત્રો, હું હવે વિદાય લઈ રહી છું : અનિતા હસનંદાની



અનિતા ટીવી ઈન્ડસ્ટ્રીની ખૂબ જ જાણીતું નામ છે, પણ તેણે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને ફેન્સને ચોંકાવી દીધા છે. અનિતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તે વિદાય લેવાની વાત કરી રહી છે. ચાલો તમને આ પોસ્ટ પાછળની આખી સ્ટોરી જણાવીએ-અનિતા હસનંદાનીએ પોતાની લેટેસ્ટ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સોશિયલ મીડિયા પરથી વિદાય લેવાની વાત કહી છે. ટીવી સિરીયલ યે હૈ મહોબ્બતેંમાં શગુનનો રોલ કરીને એક્ટ્રેસને નેમ અને ફેમ મળ્યા હતા. એક્ટ્રેસે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે તે પરેશાન છે અને એટલે જ તે સોશિયલ મીડિયાથી દૂર જઈ રહી છે.જોકે, અનિતાએ પોતાના આ નિર્ણય પાછળનું કારણ તો નથી જણાવ્યું. પણ ઈન્સ્ટાગ્રામ પર તેણે પોસ્ટ કરતાં લખ્યું હતું કે માફ કરજો મિત્રો, વિદા લઈ રહી છુંપ લાંબા સમયથી અહીં ખૂબ જ ઘોંઘાટ હતો, પણ હવે પોતાની જાતને ફરી સાંભળવાનો સમય આવી ગયો છે. આ સિવાય એક્ટ્રેસે એક સ્ટોરી પણ પોસ્ટ કરી છે જેમાં તેણે ખૂબ જ ત્રાસી ગઈ હોવાનું જણાવ્યું હતું. એક્ટ્રેસે અચાનક કરેલી આ પોસ્ટને કારણે ફેન્સ પણ ચોંકી ઉઠ્યા છે અને તેઓ તેના પર કમેન્ટ કરી રહ્યા છે. કેટલાક લોકો તેને આખરે એવું તે શું થયું કે જેને કારણે તમે દુ:ખી છો એવું પૂછી રહ્યા છે તો કેટલાક લોકો એવું કહી રહ્યા છે કે શું બધું ઠીકઠાક છે?અત્રે ઉલ્લેખનીય છે કે અનિતાની આ પોસ્ટ બરાબર એવા સમયે સામે આવી છે, જ્યારે એવા રિપોર્ટ્સ સામે આવી રહ્યા છે કે અનિતા કોઈ રિયાલિટી ટીવી શોમાં ભાગ લઈ રહી છે. એક્ટ્રેસ લાંબા સમય બાદ આ શોથી કમબેક કરી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે.

યામી ગૌતમે પતિ આદિત્ય ધરની ફિલ્મ પર પ્રેમ વરસાવ્યો

# સત્ય ઘટના પર આધારિત રણવીર સિંહની રિલીઝ ફિલ્મ 'ધુંધર'નો ફર્સ્ટ લૂક જાહેર થયો




અભિનેત્રી યામી ગૌતમે તેના પતિ-ફિલ્મ નિર્માતા આદિત્ય ધરની આગામી ફિલ્મ 'ધુંધર'ના ફર્સ્ટ લુકની પ્રશંસા કરીને પ્રેમ વરસાવ્યો છે. આજે રવિવારે રિલીઝ થયેલી ફિલ્મનો ફર્સ્ટ લુક વાર્તાની ઝલક આપે છે. આ ફિલ્મ જોરદાર એક્શન અને જબરદસ્ત લડાઈથી ભરેલી છે અને તેમાં રણવીર સિંહ, સંજય દત્ત, આર માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ અભિનીત છે. રણવીરના ૪૦મા જન્મદિવસ નિમિત્તે આજે ૬ જુલાઈએ પહેલો લુક રિલીઝ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન યામી ગૌતમના પતિ આદિત્ય ધર કરી રહ્યા છે અને આ પહેલા તેમણે 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' જેવી સુપરહિટ ફિલ્મ આપી છે. ધુરંધર ૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. હવે જોવાનું એ છે કે આ ફિલ્મ દિગ્દર્શક આદિત્ય ધરની પાછલી ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'નો બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી શકે છે કે નહીં. યામી ગૌતમે 'એક્સ' પર ધુરંધરનો ફર્સ્ટ લુક ફરીથી પોસ્ટ કર્યો. તેણીએ ફિલ્મના દિગ્દર્શક, ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક ફેમના તેના પતિ આદિત્ય ધરની પ્રશંસા કરીને પોતાની નોંધ શરૂ કરી. તેણીએ ફિલ્મના કલાકારો અને ક્રૂનો પણ આભાર માન્યો. યામી તેના ભૂતપૂર્વ પતિ પર એક પોસ્ટમાં લખે છે, 'તમારી મહેનત, ધીરજ, પ્રતિભા, ખંત અને સફર પોતાનામાં એક ફિલ્મથી ઓછી નથી. તે સિનેમા અને દર્શકો પ્રત્યેનો તમારો પ્રેમ દર્શાવે છે. લોકેશ, શિવ, ઓજસ અને ટીમને અભિનંદન. રણવીર, સંજુ સર, અક્ષય સર, મેડી સર, અર્જુન ધુરંધર કરતાં પોતાને પાછળ છોડી ગયા છે.' ધુરંધરના પહેલા લુકમાં રણવીર સિંહ ખૂબ જ ખતરનાક લાગે છે.

નીના હાલમાં 'મેટ્રો ઇન દિનોન'ના પ્રમોશનમાં વ્યસ્ત

# મને પ્રેમ નહીં, માત્ર ગિફ્ટ જોઈએ : નીના ગુપ્તા



પીઢ અભિનેત્રી નીના ગુપ્તા તેની સ્પષ્ટવક્તા શૈલી અને સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતી છે અને પ્રેમ, સંબંધો અને ભૌતિકવાદ વિશેની તેની તાજેતરની ટિપ્પણી હંમેશા જેટલી જ બોલ્ડ છે. જ્યારે અભિનેત્રીએ કબૂલાત કરી કે તેણીને પ્રેમ કરતાં ભેટો વધુ ગમે છે.ઈન્ટરવ્યુમાં, નીના ગુપ્તાને પૂછવામાં આવ્યું કે શું તેણીને એવો જીવનસાથી જોઈએ છે જે આશ્ચર્યનું આયોજન ન કરે કે ભેટો ન આપે, પરંતુ ક્યારેક પ્રેમ વ્યક્ત કરે. તેની લાક્ષણિકતા પ્રામાણિકતા અને સમજદારી સાથે, નીનાએ કહ્યું, 'મને પ્રેમ કરતાં ભેટો વધુ ગમે છે. પ્રેમનો અર્થ શું છે? બકવાસ. હું ખૂબ જ ભૌતિકવાદી છું.'નીનાએ કહ્યું, 'એકવાર મારી મિત્રએ મને ખૂબ સારી વાત કહી. હું દલીલ કરી રહી હતી, ફરિયાદ કરી રહી હતી કે મારો પતિ આવું નથી કરતો અથવા તેનો પતિ એવું નથી કરતો. તેથી તેણીએ મને સમજાવ્યું, તમારે તમારા પતિને કહેવું જોઈએ કે પ્રેમમાં મિલકત, ઘરેણાં, કપડાં જેવી વસ્તુઓ પણ શામેલ છે. જો હું ફક્ત કહું કે 'હું તને પ્રેમ કરું છું, હું તને ખૂબ પ્રેમ કરું છું' અને બસ... તે પૂરતું નથી. તમારે પણ કંઈક કરવું પડશે. તમારે કંઈક આપવું પડશે. ઓછામાં ઓછું મારા જન્મદિવસ પર મને સાડી આપો.નીના હાલમાં 'મેટ્રો ઇન દિનોન' ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, અનુરાગ બાસુ અને તાની બાસુ દ્વારા નિર્મિત અને અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં આદિત્ય રોય કપૂર, સારા અલી ખાન, ફાતિમા સના શેખ, અલી ફઝલ, અનુપમ ખેર, પંકજ ત્રિપાઠી, કોંકણા સેન શર્મા અને નીના મુખ્ય ભૂમિકામાં છે.

**વાત બંગલો ખાલી કરવાની નથી, પણ એ કેમ ખાલી ન થયો એની પાછળ કહાની છે!**

# સુપ્રીમના ભૂતપૂર્વ સુપ્રીમ એક પિતા પણ છે

**દેશના ભૂતપૂર્વ સીજેઆઈ ડીવાય ચંદ્રચૂડને નિવૃત્તિ પછી સરકારી બંગલો ખાલી કરવા કહેવામાં આવ્યું હતું. મીડિયામાં વિવાદ ચગ્યો હતો. આમ તો અનેક સરકારી બંગલાઓ નેતાઓ ચૂંટણી હારી ગયા પછી પણ ખાલી કરતાં નથી. આવી સ્ટોરી વારંવાર વાંચવા મળે છે. આ વખતે દેશના ભૂતપૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડની વાત હતી, પણ વિવાદ વધે નહીં એટલે ખુદ ચંદ્રચૂડે આ વિશે ખુલાસો કર્યો છે. દેશના ભૂતપૂર્વ સીજેઆઈની કહાની સાંભળીએ તો રૂંવાડાં ઊભાં થઈ જશે. સવાલ એટલો જ છે કે - શું સીજેઆઈએ જેમમજબૂરી વ્યક્ત કરી એ વિશે કોઈ જાણતું નથી?**



ચક્રવ્યૂહ

દીપક આશર

બંને છોકરીઓ અસાધ્ય રોગોથી પીડાઈ રહી છે. દેશના ભૂતપૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડે સરકારી બંગલો ખાલી ન કરી શકવાની મજબૂરી સમજાવી પડી. આ કેવું કહેવાય!? ભૂતપૂર્વ સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે જણાવ્યું હતું કે તેમની બંને પુત્રીઓ પ્રિયંકા અને માહીને નેમાલાઈન માયોપેથી નામનો દુર્લભ આનુવંશિક વિકાર છે, જે શરીરના સ્નાયુઓને અસર કરે છે. સરકારી બંગલો ખાલી ન કરવાના વિવાદ અંગે ભૂતપૂર્વ સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે વિગતવાર વાત કરી છે. ચંદ્રચૂડે સરકારી બંગલો ખાલી ન કરવાની પોતાની મજબૂરી સમજાવતા કહ્યું હતું કે તેમની બંને દીકરીઓ અસાધ્ય રોગોથી પીડાઈ રહી છે. એઆઈઆઈએમએસ અને પીજીઆઈ ચંદીગઢના ડોકટરોની એક ટીમ તેમની દેખરેખ રાખે છે અને સીજેઆઈ નિવાસસ્થાનમાં જ એક આઈસીયુ સ્થાપિત કરવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે માતા-પિતાની દુનિયા તેમના બાળકોની આસપાસ ફરે છે. આ વાતચીત દરમિયાન તેમણે પોતાના સંઘર્ષની વાર્તા પણ કહી હતી.

ચંદ્રચૂડે કહ્યું કે પ્રિયંકા અને માહીને નેમાલાઈન માયોપેથી નામનો એક દુર્લભ આનુવંશિક વિકાર છે, જે શરીરના સ્નાયુઓને અસર કરે છે. હાલમાં વિશ્વમાં ક્યાંય પણ આ વિકારની કોઈ સારવાર કે ઈલાજ ઉપલબ્ધ નથી. જો કે, ભારત અને વિદેશમાં સંશોધન ચાલુ છે. તેમણે કહ્યું કે નેમાલાઈન માયોપથી સ્નાયુઓ ઉપરાંત તે શ્વસનતંત્રને ગંભીર અસર કરે છે. ગંભીર સ્કોલિયોસિસ ગળી જવા, શ્વાસ લેવા અને બોલવામાં સમસ્યાઓનું કારણ બને છે અને બધા અવયવોને નુકસાન પહોંચાડે છે. તેથી, તેમને દરરોજ શ્વસન કસરતો, ડિસફેગિયા માટે ઉપચાર (ગળી જવા અને ગૂંગળામણ અને અન્નનળીમાં અવરોધ અટકાવવા માટે), ન્યૂરોલોજિકલ કસરતો, સ્નાયુઓના બગાડને રોકવા માટે વ્યવસાયિક ઉપચાર, સ્કોલિયોસિસ વ્યવસ્થાપન અને પીડા વ્યવસ્થાપનની જરૂર છે. તેમણે કહ્યું કે તેમની સ્થિતિને અનુરૂપ ઘરમાં બાથરૂમ સહિત ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. તેમને ખાસ આહારની જરૂર હોય છે અને કાળજી લેવી પડે છે કે તેઓ થાકથી પીડાય નહીં કારણ કે તે સ્નાયુઓને વધુ બગાડે છે. ભૂતપૂર્વ સીજેઆઈએ જણાવ્યું હતું કે પલ્મોનોલોજિસ્ટ, આઈસીયુ નિષ્ણાત ન્યૂરોલોજિસ્ટ, રેસ્પિરેટરી થેરાપિસ્ટ, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, ફિઝિયોથેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ અને કાઉન્સેલર સહિત આરોગ્યસંભાળ વ્યાવસાયિકોની એક ટીમ દૈનિક અથવા સાપ્તાહિક ધોરણે સાથે મળીને કામ કરે છે, જેથી તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે. તેમણે એવું પણ કહ્યું કે પ્રિયંકા ડિસેમ્બર ૨૦૨૧થી શ્વસન સહાય પર છે અને તેની પાસે બાયપેપ મશીન સાથે ટ્રેકીઓસ્ટોમી ટ્યૂબ જોડાયેલ છે. ૧૩ વર્ષની ઉંમરે, તેને પીજીઆઈ ચંદીગઢમાં ત્રણ વાર વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. ટ્યુબને મહિનામાં ઘણી વખત અને ક્યારેક અઠવાડિયામાં બે વાર બદલવાની જરૂર પડે છે. જેઓ દરરોજ તેમની સંભાળ રાખે છે તેઓ ટ્યુબ મેનેજમેન્ટના નિષ્ણાત છે. ઘરે એક આઈસીયુ સેટિંગ છે, જેની સંભાળ આઈસીયુ નિષ્ણાત નર્સ દ્વારા લેવામાં આવે છે. પ્રિયંકા ચેપ પ્રત્યે સંવેદનશીલ છે અને તેને ધૂળ, એલર્જન અને ચેપથી સુરક્ષિત રાખવું પડે છે. ટ્યૂબને દરરોજ સાફ કરવી પડે છે. પ્રિયંકા અને માહી પીજીઆઈ ચંદીગઢ અને એઈમ્સ દિલ્હીના સમર્પિત અને નિષ્ણાત ડોકટરોના સંચાલન હેઠળ છે, જેમાં ડૉ. ગોવર્ધન પુરી (હાલમાં એઈમ્સ જોધપુરના ડિરેક્ટર), ડૉ. વિવેક લાલ (પીજીઆઈ ચંદીગઢના ડિરેક્ટર), ડૉ. ગૌરવ મિત્તલ, પલ્મોનોલોજિસ્ટ અને આઈસીસીયુ નિષ્ણાતો અને અન્ય ડોકટરોનો સમાવેશ થાય છે. એઈમ્સ અને પીજીઆઈ ચંદીગઢના ડોકટરોએ બાળકોને નોંધપાત્ર સંભાળ પૂરી પાડી છે અને પૂરી પાડી રહ્યા છે. સીજેઆઈએ કહ્યું કે અમે બંને દીકરીઓના માતા-પિતા માટે દુનિયા હવે તેમના આસપાસ જ ફરે છે. પોતાની પત્ની વિશે તેમણે કહ્યું કે કલ્પનાએ વિશ્વભરના નિષ્ણાતો, વૈજ્ઞાનિકો અને સંભાળ રાખનારાઓ સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે, તે ઈલાજ શોધવાના પ્રયાસમાં વર્તમાન સંશોધનને સક્રિયપણે અનુસરી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે માતા-પિતા તરીકે આપણે બાળકો વિના સાથે મુસાફરી કરવાનું ટાળીએ છીએ. માતા-પિતા તરીકે, અમે તેમના જીવનને અર્થપૂર્ણ, મનોરંજક બનાવવાનો પ્રયાસ કરીએ છીએ અને એવું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરીએ છીએ જ્યાં તેઓ પરિપૂર્ણ જીવન જીવે. જ્યારે પ્રિયંકા ૪૪ દિવસ સુધી આઈસીયુમાં હતી અને તેની સ્વસ્થતા દરમિયાન કલ્પના ઘણા મહિનાઓ સુધી ઊંઘી શકી ન હતી. તેનું પોતાનું ઊંઘ ચક્ર પણ ખોરવાઈ ગયું હતું. તેમણે કહ્યું કે અમે સામાજિક રીતે મળતા નથી અને બાળકો સાથે ઘરે જ સમય વિતાવવાનું પસંદ કરીએ છીએ. અગાઉ સુપ્રીમ કોર્ટે ચંદ્રચૂડને તેમનું સરકારી નિવાસસ્થાન ખાલી કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે આ અંગે કેન્દ્ર સરકારને પત્ર પણ લખ્યો હતો. આ પત્રમાં વિનંતી કરવામાં આવી હતી કે સરકાર ભૂતપૂર્વ સીજેઆઈને તેમનું જૂનું નિવાસસ્થાન ખાલી કરવા વિનંતી કરે.



શહેરોનું તાપમાન

| 32.5° | 29.2° | 29.1° | 29.5° |
|---|---|---|---|
| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |

હવામાન વિભાગ: શહેરમાં સોમવારે મહત્તમ તાપમાનનો પારો ૨૯.૨ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૫.૯ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવનની ગતિ ૯ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા
જનસત્તા

# અંતિમક્રિયામાં સેવાના બહાને માનવતાના વેપલાનો અંત આવશે?

## શહેરનાં સ્મશાનોનું સંચાલન ખાનગી સંસ્થાઓએ તો સંભાળ્યું..!

વડોદરા, તા.૭

ભારે વિરોધ, જબરદસ્ત હોબાળો અને કારમા કકળાટના અંતે વડોદરાના ૩૧ સ્મશાનોનું સંચાલન આખરે ખાનગી સંસ્થાઓના હાથમાં સોંપી દેવામાં આવ્યુ છે. કોર્પોરેશને આ કામ વર્ષો પહેલા કરી દેવાની જરૂર હતી. હકીકતમાં વડોદરામાં સ્મશાનમાં સેવાના નામે અંતિમક્રિયાનો મોટાપાયે બિઝનેસ ચાલતો હતો. નવી સંસ્થાઓની એન્ટ્રી પછી આશા છે કે, સ્મશાનમાં ધમધમતા અંતિમ સંસ્કારના ધીકતા ધંધા પર થોડી બ્રેક જરૂર લાગશે. તમને જાણીને આશ્ચર્ય થશે પણ અત્યાર સુધી શહેરના સ્મશાનોનું સંચાલન કરનારા ખાનગી માણસો સેવાના સોનેરી પડદા પાછળ અંતિમક્રિયાના બહાને માનવતાનો વેપાર કરતા હતા. સ્મશાનના લાકડા બારોબાર વેચી દેવા, છાણા અને ઘાસના પૂડામાં કમિશન લેવું, હરિદ્વાર અને પ્રયાગરાજમાં અસ્થિનું વિસર્જન કરવાના બહાને પૈસા પડાવવા અને ચિતા ગોઠવી આપવાના નામે પૈસા માંગવા જેવો બેફામ વેપાર કરતા હતા. અત્યાર સુધી બધુ ચુપચાપ ચાલતુ હતુ પરંતુ, કોર્પોરેશને સ્મશાનના સંચાલનનો કોન્ટ્રાક્ટ ખાનગી સંસ્થાઓને આપીને બધુ બંધ કરાવી દીધું છે. અલબત્ત, એવા લેભાગુ તત્વોની સ્મશાનમાં એન્ટ્રી પણ બંધ કરાવી દીધી છે. કોર્પોરેશને દરેક સ્મશાનમાં દેખાય એવા વિશાળ હોર્ડિંગ્સ લગાવ્યા છે. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યુ છે કે, સ્મશાનમાં અંતિમક્રિયા માટે અપાતી તમામ ચીજવસ્તુઓ તદન ફ્રી છે અને જો કોઈ એના પૈસા માંગે તો નીચે આપેલા ટોલ-ફ્રી નંબર પર કોલ કરો..!!

**લોકસત્તા-જનસત્તાનો ગ્રાઉન્ડ રિપોર્ટ** ખાનગીકરણના પહેલા દિવસે ખાસવાડી અને વડીવાડી સ્મશાનમાં શું થયું?

## સેવાના વેપારનું અસ્થિવિસર્જન

## શહેરનાં તમામ સ્મશાનોમાં લાકડાં, છાણાં, ઘાસના પૂળા અને આખરી સામાન તદન ફ્રી



વડોદરા, તા.૭

શહેરના ૩૧ સ્મશાનોના ખાનગીકરણના પહેલા દિવસે શું સ્થિતિ હતી? તે જાણવા માટે લોકસત્તા જનસત્તાની ટીમ આજે ખાસવાડી સ્મશાને પહોંચી હતી. જ્યાં એક તરફ ચિતાઓ સળગતી હતી અને બીજી તરફ ડાઘુઓ અંતિમક્રિયાની તૈયારી કરી રહ્યા હતા. તેમની મદદ માટે ત્યાંનો જૂનો સ્ટાફ મૌજૂદ હતો. એક તરફ કોર્પોરેશને લગાવેલુ હોર્ડિંગ હતું. જેમાં સ્પષ્ટ શબ્દોમાં લખેલું હતું કે, સ્મશાનમાં લાકડા, છાણા અને ઘાસના પૂડા તથા આખરી સામાન તદન ફ્રી આપવામાં આવે છે. આ બોર્ડથી બીજા કોઈને નહીં પણ સ્મશાનમાં છાણા અને ઘાસના પૂળાનો વેપાર કરતા તત્વોના પેટમાં તેલ જરૂર રેડાયું હતું. આવા જ કેટલાક વેપારીઓ વિલાયેલા ચહેરા સાથે ખૂણામાં ઉભા હતા. નજીકમાં જ એક બાંકડા પર માધુરી એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલકો બેઠા હતા. ખાસવાડી સ્મશાનનું સંચાલન આજથી એમને કરવાનું હતું. એમની બાજુમાં જ પાંડે નામનો ખાસવાડી સ્મશાનનો જૂનો અને બની બેઠેલો સંચાલક બેઠો હતો. આ એ જ પાંડે હતો, જેની ગઈકાલ સુધી ખાસવાડી સ્મશાનમાં હાંક વાગતી હતી. પણ કોર્પોરેશને આજે એની હવા કાઢી નાખી હતી. ખાસવાડી સ્મશાનમાં એ શું કામ બેઠો હતો? તેનો એની પાસે કોઈ જવાબ ન હતો. ખેર, પાંડેની બાજુમાં એક સમાજ સેવક હતો. તે વારંવાર સ્મશાનના ખાનગીકરણના નિર્ણયને વખોડતો હતો. આડકતરી રીતે તે પાંડેને સપોર્ટ કરતો હોય એમ લાગતું હતું. ખાસવાડીના સંચાલનની જવાબદારી જેને સોંપાઈ હતી તે સંસ્થાના મહિલા અગ્રણી વારંવાર બધાને અનુરોધ કરતા હતા કે, સ્મશાનનું કામ અમારા માટે નવું છે એટલે પ્લીઝ સહકાર આપજો. હકીકતમાં તેઓ એ વાતથી અજાણ હતા કે, તેમના આવવાથી અનેક લોકોના સેવાના નામે મેવા ખાવાના વેપારનો દાટ વળી ગયો હતો. ખેર, થોડીવાર ખાસવાડીમાં રોકાયા પછી અમે વડીવાડી સ્મશાનમાં ગયા. સ્મશાનનો ઝાંપો બંધ હતો પણ અંદર એક ચિતા પ્રજ્વલિત હતી. આજથી એના પણ સંચાલકો બદલાયા હતા. વડીવાડી સ્મશાનનું સંચાલન જયઅંબે સેનેટરી માર્ટ નામની સંસ્થાને સોંપવામાં આવ્યુ છે. એટલે સંસ્થાના કેટલાક કાર્યકરો અંદર ટેબલ લગાવીને બેઠા હતા. એમના ચહેરા પર પણ કુતુહલનો ભાવ હતો. હકીકતમાં આ સ્મશાનનું સંચાલન પણ ગઈકાલ સુધી એક પાંડે નામની વ્યક્તિ જ કરતી હતી. આજે સવારે તે પોતાના બોરિયા-બિસ્તરાં પેક કરીને નીકળી ગયો હતો. અને પોતાની સાથે બીજા બે કર્મચારીને પણ લઈ ગયો હતો. અસલમાં તેણે સ્મશાનનો કારભાર સત્તાવાર રીતે નવી સંસ્થાને સોંપવો જોઈએ પણ એણે એટલુ સૌજન્ય દાખવ્યુ ન હતુ. જોકે, નવી સંસ્થાના કર્મચારીઓ કટિબદ્ધ હતા. એમણે ગણતરીના કલાકોમાં જ સ્મશાનમાં લાકડા, છાણા અને ઘાસના પૂડાની પૂરતી વ્યવસ્થા કરી દીધી હતી. ઉપરાંત, આખરી સામાનનો મોટો જથ્થો મગાવી લીધો હતો.

### નવી સંસ્થાને ડિસ્ટર્બ કરવાના કાવતરા ઘડાયા

ખાસવાડી સ્મશાનનું સંચાલન નવી સંસ્થાના હાથમાં આવતા જ સેવાના નામે અંતિમક્રિયાનો ધંધો કરતા તત્વોના પેટમાં તેલ રેડાયુ હતુ. સ્મશાનના કેટલાક જૂના વેપારીઓ નવી સંસ્થાને કેવી રીતે ડિસ્ટર્બ કરવી ? સ્મશાનનું કામ ખોરંભે કેવી રીતે ચડાવવું ? સ્મશાનના ખાનગીકરણના નિર્ણયને કેવી રીતે ખોટો સાબિત કરવો ? તેવા કાવતરાં ઘડતા જોવા મળ્યા હતા. નવી સંસ્થાને ડરાવવા માટે કહેવાતા સામાજિક કાર્યકરોને બોલાવવામાં આવ્યા હતા. જોકે, નવી સંસ્થાએ મક્કમતાથી કામ કરીને પહેલો દિવસ કોઈપણ પ્રકારના વિવાદ વિના પાર પાડ્યો હતો.

### સ્મશાન જેવા પવિત્ર સ્થળે બિયરની છોળો ઊડી..!



ખાસવાડી સ્મશાનમાં સેવાના નામે પૈસા પડાવતા વેપારીઓએ અડીંગો જમાવ્યો છે. આવા તત્વો સ્મશાન જેવી પવિત્ર જગ્યાએ પણ દારૂની મહેફિલો માણી રહ્યા છે. જેના પુરાવા આજે સ્મશાનની કચરા પેટીમાં જોવા મળ્યા હતા. જે સ્મશાનમાં અંતિમક્રિયા કરવામાં આવતી હોય છે ત્યાંની કચરા ટોપલીમાં બિયરના ખાલી ટીનો જોવા મળ્યા હતા. કહેવાય છે કે, અંધારું થયા પછી સ્મશાનની પાસે અસામાજિક તત્વો પણ મોટી સંખ્યામાં ભેગા થાય છે અને એમને સ્મશાનના વેપારીઓ જ આશ્રય આપી રહ્યા છે.

### આખરી સામાનની સેવાના નામે મસમોટો વેપાર



વડોદરાની એક ખાનગી સંસ્થાએ સેવાના નામે આખરી સામાનનો બેફામ વેપાર શરૂ કરી દીધો છે. નિઃશૂલ્ક આખરી સામાન આપવાથી શરૂ થયેલી આ સંસ્થા આજે લાખોની કમાણીનું કેન્દ્ર બની ચુકી છે. અહીં આખરી સામાનના થેલાની સાથે પાવતી બુક પણ ફરજીયાત આપવામાં આવે છે અને મદદના નામે લોકો પાસેથી પૈસા ઉઘરાવવામાં આવે છે. આ સંસ્થાની શબવાહિનીના ડ્રાઈવરો પણ સેવાના નામે બેફામ કમાણી કરી રહ્યા છે. મૃતદેહોને સ્મશાન સુધી પહોંચાડવાની નિઃશૂલ્ક સેવામાં પણ છેલ્લે પાવતીબુક જ બતાવવામાં આવે છે અને જ્યાં સુધી એમાં પૈસા ના લખાવવામાં આવે ત્યાં સુધી શબવાહિનીનો ડ્રાઈવર ત્યાંથી જતો નથી.




*'મૃત્યુ પછી ક્યાં કોઈ ભાગે છે? તેમ છતાંય લોકો મડદાંને કેમ બાંધે છે? ભલે, હશે સેવાનો ભાવ 'અપાર' છતાં અંદરખાને તો સ્મશાનમાં પણ માણસાઈનો 'વેપાર' ચાલે છે!!'*

## પાંડે કોણ ?

ખાસવાડી સ્મશાનના ખાનગીકરણમાં સૌથી વધારે તકલીફ પાંડે નામના વ્યક્તિને પડી છે. હકીકતમાં પાંડે ખાસવાડી સ્મશાનનો બની બેઠેલો સંચાલક છે. કોર્પોરેશનના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યુ હતુ કે, ખાસવાડી સ્મશાનની જગ્યા કોર્પોરેશનની છે. એનુ લાઈટ બિલ કોર્પોરેશન ભરે છે. એની ગેસ ચિતા કોર્પોરેશન ચલાવે છે. એના લાકડા કોર્પોરેશન આપે છે. એની સિક્યુરિટી કોર્પોરેશનની છે. છતાંય પાંડે જાણે એનું સંચાલન કરતો હોય એટલો વટ મારી રહ્યો છે. હકીકતમાં ખાસવાડી સ્મશાનમાં એની ઉપસ્થિતિ જ શંકાસ્પદ છે. સ્મશાનની પાછળના ભાગે એણે અડીંગો જમાવ્યો છે. સ્મશાનની પાછળ લગભગ ચારેક મોટા ઓરડા છે. ત્યાં તે અને તેના માણસો બેસી રહેતા હોય છે. આજે જ્યારે કોર્પોરેશને ખાસવાડી સ્મશાનનું સંચાલન નવી સંસ્થાને આપ્યુ છે ત્યારથી પાંડેના પેટમાં તેલ રેડાયું છે. હકીકતમાં ખાસવાડી સ્મશાનમાં પાંડે જેવા બીજા ઘણા વેપારીઓ છે. જેમને સ્મશાનનું ખાનગીકરણ ગમ્યુ નથી કારણ કે, આડકતરી રીતે એમનો વેપાર છીનવાયો છે. સ્મશાનમાં છાણા અને ઘાસના પૂડાના વેપારીઓના વારા બાંધવામાં આવ્યા હતા અને કેટલાક તત્વો એમાં કમિશન પણ લેતા હતા. હવે, એમનો આ વેપાર બંધ થઈ ગયો છે એટલે એમને ગમ્યુ નથી. વડોદરા કોર્પોરેશનના અધિકારીઓએ આજે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પાસે મદદની માંગણી કરી હતી. જો, પાંડે આણી મંડળી ખાસવાડી સ્મશાનમાંથી નહીં નીકળે તો પોલીસનો સહારો લેવામાં આવશે.



### જાહેરમાં કચરો નાખનારના ફોટા એલઇડી સ્ક્રીન પર મૂકાયા

## લોકોએ કહ્યું, જ્યાં ખાડા પડે છે ત્યાંના કોર્પોરેટર અને અધિકારીઓના પણ ફોટા જાહેર કરો

### પાલિકાની કામગીરીને નાગરિકોએ બિરદાવી તો બીજી બાજુ સલાહ પણ આપી




વડોદરા, તા. ૭

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે લોકોમાં જાગરૂકતા આવે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને જે લોકો જાહેરમાં કચરો નાખે છે તેઓ પાસેથી દંડની પણ વસુલાત કરવામાં આવી રહી છે. પાલિકા દ્વારા હવે નવો અભિગમ દર્શાવવામાં આવ્યો છે. જે લોકો જાહેરમાં કચરો નાખે છે તેઓના ફોટા શહેરમાં લાગેલી મોટી એલઈડી સ્કીન ઉપર જાહેર કરવામાં આવી રહ્યા છે. આ બાબતને વડોદરાના નાગરિકોએ આવકારી પરંતુ સાથે સાથે એવી પણ સલાહ આપી કે જ્યાં જ્યાં ખાડા પડયા છે ત્યાંના કોર્પોરેટરો, વોર્ડ ઓફિસર અને અધિકારીઓના પણ ફોટા આ મોટી સ્કીન ઉપર મુકવા જોઈએ.

વડોદરા શહેર સ્વચ્છ બને અને સુંદર બને તે માટેના પ્રયાસો કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જાહેરમાં કચરો નાખનાર સામે દંડનીય કામગીરી પણ કરવામાં આવી રહી છે. હવે કોર્પોરેશને નવો અભિગમ દાખવ્યો છે. લોકોને શરમની અનુભૂતિ કરાવવા માટે જે લોકો કચરો નાખે છે તેઓના કેપ્ચર થયેલા ફોટા વિવિધ સ્થળોએ લાગેલી મોટી એલઈડી સ્કીન ઉપર જાહેર કરવામાં આવી રહ્યા છે. તેની સાથે સાથે જે ગાડીમાંથી કચરો ફેંક્યો હોય તે ગાડીનો નંબર પણ દર્શાવવામાં આવે છે. કોર્પોરેશનના આ અભિગમને વડોદરાના નાગરિકોએ આવકાર્યો છે. એક નાગરિકે જણાવ્યું હતું કે આ સારી બાબત છે અને જાહેરમાં કચરો ન જ નાખવો જોઈએ. જે લોકો નાખે છે તેઓને દંડવા જ જોઈએ. પણ સાથે સાથે શહેરમાં જ્યાં જ્યાં ખાડા પડ્યા છે ત્યાંના કોર્પોરેટર, વોર્ડ ઓફિસર, અધિકારી અને જવાબદાર લોકોના પણ ફોટા આ મોટી એલઈડી સ્કીન ઉપર જાહેર કરવા જોઈએ. એ પણ વડોદરાની જ સમસ્યા છે અને લોકોને તેની જાણ થવી જ જોઈએ.

### પંચાયતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ, કાંસોની સફાઈ, રોડ પર પડેલા ખાડા સહિત મુદ્દે

## વડોદરા જિલ્લા પંચાયતની સભામાં કામો મુદ્દે વિપક્ષ દ્વારા પોસ્ટર્સ સાથે દેખાવો

### શાળાઓના જર્જરિત ઓરડા રિપેર કરવા સહિતની માગ : સત્તાપક્ષ-વિપક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપો

વડોદરા, તા.૭

વડોદરા જિલ્લા પંચાયતની લાંબા સમય બાદ મળેલી સામાન્ય સભામાં વિપક્ષે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ, કાંસોની સફાઈ અંગે તપાસની માંગ, આરોગ્ય વિભાગમાં સ્ટાફની અછત તેમજ રોડ પર પડેલા ખાડા પુરવા જેવા પોસ્ટરો સાથે સભાગૃહમાં પહોંચીને દેખાવો કર્યા હતા. જોકે, શાસક પક્ષ ભાજપે વિરોધ કરતાં સભામાં ગરમાવો આવી ગયો હતો. ત્યાર બાદ શરૂ થયેલી સભામાં વિપક્ષ દ્વારા શિક્ષકોની ઘટ અને સિંચાઈ વિભાગ દ્વારા કરોડોના ખર્ચ પછી કાંસોની સફાઈ સહિતની કામગીરી થઈ ન હોવાના આક્ષેપ કર્યા હતા.

ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈ આચાર સંહિતાના કારણે મુલત્વી રહેલી વડોદરા જિલ્લા પંચાયતની સામાન્ય સભા લગભગ બે મહિના બાદ આજે મળી હતી. વિપક્ષના નેતા એમ.આઈ. પટેલે કહ્યું હતુ કે, જિલ્લા પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. શિક્ષકો વગર બાળકો કેવી રીતે અભ્યાસ કરશે ? આ વિપક્ષી નેતાના આ સવાલ સામે શિક્ષણાધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ ૧૦૪૯ શાળાઓ છે. ૪૮૮૦ મહેકમ મંજૂર થયેલું છે. હાલમાં ૪૩૬૮ શિક્ષકો છે. તાજેતરમાં ૧૪૩ જ્ઞાનસહાયક લેવામાં આવ્યા છે. બાકી ૩૬૯ શિક્ષકોની ઘટ પુરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

તો કોંગ્રેસના સભ્ય ડો. પ્યારે સાહેબ રાઠોડે જણાવ્યું હતુ કે, શાળાઓમાં શૌચાલયો પણ ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તે સામે શિક્ષણાધિકારીએ ૫૯ શૌચાલય જર્જરીત હોવાની કહ્યું હતુ. તો શુ આ સ્વ ભંડોળમાંથી રીપેરીંગ ના થાય તેવો સવાલ તેમણે કર્યો હતો. ઉપરાંત સભામાં આંગણવાડી માટે રૂપિયા ૯૫ લાખના ખર્ચે બાળકો માટે નાસ્તાની ડીશો, ચમચી, વાસણો આપવામાં આવનાર છે. ત્યારે એક સાથે તમામ ૯૦૦ આંગણવાડીમાં વાસણો આપવા વિપક્ષે રજૂઆત કરી હતી. જે રજૂઆત સામે જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાએ એક સાથેજ તમામ આંગણવાડીઓમાં વાસણો આપવામાં આવશે તેમ કહ્યું હતુ.

જોકે, ભાજપના જિલ્લા પંચાયતના સભ્યએ આક્ષેપ કર્યો હતો કે, વિપક્ષના સભ્યો ગ્રાન્ટ મેળવવા માટે ખોટા દેખાવો કરી રહ્યા છે. આ નિવેદન સામે વિપક્ષી સભ્યો અને ભાજપના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.જોકે, આજની સામાન્ય સભામાં જિલ્લા પંચાયતમાં સીસીટીવી સહિતના ૨૦ જેટલા કામોને મંજૂરી આપવામાં આવી હતી.

### જિલ્લાના ૮ પૈકી ૬ તાલુકામાં પ્રાથમિક શિક્ષણાધિકારી નથી!

વડોદરા જિલ્લા પંચાયત હસ્તકની ૧૦૪૯ પ્રાથમિક શાળાઓ છે. ત્યારે આ શાળાઓમાં શિક્ષકોના ઘટની સાથે જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષથી કાયમી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપરાંત વડોદરા અને સાવલી તાલુકાને બાદ કરતાં જિલ્લાના અન્ય ૬ તાલુકા એટલે વાઘોડિયા, ડેસર, પાદરા, ડભોઈ, કરજણ અને શિનોરમાં કાયમી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નથી. છેલ્લા ૧૦ વર્ષથી ઈન્ચાર્જ અધિકારી દ્વારા કામગીરી કરવામાં આવે છે.

